

# અધ્યાત્મ

વર્ષ : ૧૯ જાન્યુઆરી–૧૯૯૮ અંક : ૪

# * માનસિક જડતા ત્યાગો *

સંસારમાં એવી જાતના માણસો પણ મોટી સંખ્યામાં જોવા મળે છે જે જીવનના રૂઢ ને રોજિંદા ચક્રમાં જ જીવે છે. તેમાંથી બહાર આવીને કોઈ નવું ને વધારે સારું જીવન જીવવાની તેમને ઈચ્છા જ નથી થતી. પોતાના લાંબા વખતથી પકડી રાખેલા ને જતન કરીને જાળવેલા જૂના વિચારોનો ત્યાગ કરીને નવા ને વધારે સારા વિચારો ગ્રહણ કરવાનું મન જ તેમને નથી થતું.

તેમની આજુબાજુની બધી દુનિયા ક્રાંતિ કરશે ને સુધરશે પણ તે પોતાની જાતમાં ક્રાંતિ કરવા તેમ જ સુધારાનું તત્ત્વ દાખલ કરવા તૈયાર જ નહિ થાય. તે તો તેમના વિચાર, ભાવ ને જીવનક્રમને જળોની જેમ વળગી રહેશે. એવી અવસ્થાને આપણે માનસિક જડતાની અવસ્થા પણ કહી શકીએ.

સામાન્ય માણસોની જેમ સાધકો પણ કેટલીક વાર એવી જડ અવસ્થાની અસર નીચે આવી જાય છે. તે વખતે તેમને સાધના કરવાનું જરા પણ નથી ગમતું. તે આખો દિવસ સાધનાની દૃષ્ટિએ જોતાં, અકર્મણ્ય બનીને બેસી રહે છે. કેટલીક વાર અમુક પ્રકારની થોડી કે વધારે સાધના કર્યા પછી પણ એવી અવસ્થા આવી મળે છે. એ અવસ્થાના અનુભવથી સાધક પોતાના સાધારણ અથવા અસાધારણ એવા અનુભવોને છેવટના માની લે છે. આપવું ઘટે તેથીયે ઘણું વધારે મહત્ત્વ આપી દે છે, ને હવે કાંઈ જ કરવાનું બાકી નથી એમ માની–મનાવીને પોતાને સિદ્ધ તરીકે ઓળખાવે છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી મોહનલાલ લલ્લુભાઇ ભક્તને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પરમશક્તિની પરમ ઓળખ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૨ |
| યાત્રાનો પ્રારંભ | સુરેશ શાહ–કેનેડા | ૨૨ |
| હું મુસાફિર | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૯ |
| માનવજીવન–પ્રભુની બક્ષીસ | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૩૦ |
| અનુભૂતિ | મહેન્દ્ર જ. દવે | ૩૧ |
| પ્રેરકપત્ર | શ્રીમતી ધીરજબેન નાણાવટી, અમેરિકા | ૩૩ |
| પોલ બ્રન્ટનની મહર્ષિ સાથેની મુલાકાત | યોગેશ્વર | ૩૬ |
| શ્રીસર્વેશ્વરીતીર્થનો ત્રીજો પાટોત્સવ | તંત્રી | ૪૩ |
| એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત શ્રી ઇંદિરાદેવી | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૪૮ |
| આધ્યાત્મિક જીવનના નિયમો | યશસ્વીભાઇ મહેતા | ૫૫ |
| આસક્તિનો પ્રભાવ | સ્વામી સચ્ચિદાનંદ | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


### શ્રી મોહનલાલ લલ્લુભાઇ ભક્તને

# શ્રદ્ધાંજલિ

કપૂરાના શ્રી મોહનલાલ ભક્તનો સ્વર્ગવાસ તા. ૮–૧૨–૯૭ ના રોજ થયો. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પૂર્વાશ્રમના તેઓ સંબંધી હતા એ નાતે તેઓને આ શ્રદ્ધાંજલિ અધ્યાત્મના પૃષ્ઠો ઉપર નથી અપાઇ રહી, પરંતુ તેઓ પ. પૂ. માના અનન્ય શ્રદ્ધાળુ ભક્ત હતા. વડીલ હોવા છતાં તેઓએ અને તેમના ધર્મપત્ની શ્રી સુશીલાબેને–પૂ. માની આધ્યાત્મિક ઉચ્ચતા શરૂથી પીછાની તેઓને હંમેશાં વંદન કર્યાં છે, એટલું જ નહિ પરંતુ પરિવારના સભ્યોની જીવનયાત્રાની લગામ પણ પૂ. માના હાથોમાં ધરી દીધી છે. તે કેટલી બધી શ્રદ્ધા માગી લે છે!

લગભગ સને ૧૯૯૦ થી શ્રી મોહનલાલને શારીરિક વ્યાધિની પીડાઓ શરૂ થયેલી. આ બધી પીડાઓ વચ્ચે પણ 'પૂ. મા'માંની શ્રદ્ધા તેઓએ કદી ગુમાવી ન હતી. પરિણામે પૂ. મા પણ તેમને રાહત પહોંચે તે માટે પ્રાર્થનાઓ તેમ જ પૂજાઓ વગેરે કરાવતાં રહેતાં. શરણાગતનું ધ્યાન રાખવું એ તો સંતો અને પ્રભુની પ્રતિજ્ઞા છે.

પૂ. મા આર્ષદૃષ્ટા છે એટલે શ્રી મોહનલાલના અંતસમયનો અણસાર તેઓને આવી ગયેલો. તેથી જ તો તેઓએ શ્રી પંડિતજી, શ્રી કલ્યાણ અને મંજુલાબેન ભાવસારને યાત્રામાંથી સીધા જ કપૂરા શ્રી મોહનલાલને સત્સંગ કરાવવા મોકલાવી આપ્યાં. આથી તેઓને ખૂબ પ્રસન્નતા થઇ. તેઓએ પ્રેમપૂર્વક યાત્રાની અને પૂ. માના દૈવી વિચરણની વાતો રસપૂર્વક સાંભળી. અંત સમયે ઉપલબ્ધ બનેલ આ સત્સંગ–તેઓની અંતિમ વિદાયની ક્ષણે–તેમનું ભાથું બન્યો. કેવો ઉત્તમ યોગ!

આવા મોહનલાલને શરીર છોડયા પછી શાંતિ જ હોય ને!

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

-મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ જાન્યુઆરી-૧૯૯૮ અંક : ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧૯-૬-૮૧, શુક્રવાર, જેઠ વદ બીજ, ૨૦૩૭

સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હૉટેલ, રૂમ નં. ૭.

સવારે છ થી આઠ સર્વેશ્વરી નખીતળાવના એકાંત સ્થાનમાં જપ-પ્રાર્થના-રામાયણનો પાઠ કરવા જાય છે, ત્યાંથી આવે છે ત્યારે પૂ. શ્રી લેખનકાર્યમાં મગ્ન બનીને કાર્ય કરતા દેખાય છે. જે ક્રમ ૧૧ સુધી ચાલુ રહ્યો.

આજે પણ ભોજનની થાળી રૂમ પર જ મંગાવી. ભોજન બાદ આજે મુલાકાતીઓ-ચાર જ હતાં-તેમની સાથે મંત્રજપ ને નિયમોની વાતો થઇ. આજે ખાસ કંઇ સત્સંગ ન થયો.

લગભગ ૧-૪૫ મિનિટે સૌ વિદાય થયાં. પૂ. શ્રીએ ત્યારબાદ વિવેકચૂડામણિના ગ્રંથનું વાંચન કરી આરામ કર્યો. આરામ બાદ



પોતે સ્નાન માટે બાથરૂમમાં ગયા. તે દરમ્યાન સર્વેશ્વરી પૂ. શ્રીના પલંગ પાસે મૂકાયેલો પંખો બંધ કરે છે.

પૂ. શ્રી બાથરૂમમાંથી આવીને કહેવા લાગ્યા : પંખો બંધ છે? ખૂબ ગરમી લાગે છે.

સર્વેશ્વરી : ના, મેં બંધ કર્યો. જગદીશચંદ્ર બોઝ કહે છે કે જડયંત્રોને પણ થાક લાગે એટલે મેં તમારી થોડીક ગેરહાજરીમાં એને આરામ આપ્યો.

પૂ. શ્રી : ના, ના. પંખાને તો આનંદ થાય. એને બિચારાને પોતાનું જીવન સંતોની સેવામાં વિત્યું એનો સંતોષ થાય. સંતો માટે વાંધો નહીં.

આ ખુલાસો સાંભળતા પહેલાં સર્વેશ્વરી પંખો ચાલુ કરી દે છે.

સર્વેશ્વરી પૂછે છે : પંખો બોલે ખરો?

પૂ. શ્રી : બોલે નહીં, પણ અનુભવે તો ખરો જ ને?

આ વાર્તાલાપ બાદ પૂ. શ્રી લેખન માટે બેસી ગયા. સર્વેશ્વરીએ પણ નોંધ લેખન કરી યોગીકથામૃતનું વાંચન કર્યું.

છ વાગ્યે મુલાકાત શરૂ થઇ. આજે શ્રી રેવાશંકરભાઇએ થોડા પ્રશ્નો પૂછ્યા પણ તે પહેલાં આજે સૌ દેલવાડાના દહેરાં, અચલગઢ, ગુરુશિખર, અદ્ધરદેવી વગેરે સ્થળોએ જઇ આવ્યા તેની વાતો શ્રી કલ્યાણે કરી.

પ્રશ્ન : જપ કરવાથી પાપ ધોવાય ખરાં?

પૂ. શ્રી : પાપકર્મ ન કરવાનો સંકલ્પ પણ કરવાનો ને પ્રભુને પ્રાર્થના પણ કરવાની. તો કુકર્મો કરવાની વૃત્તિ ન જન્મે.

પ્રશ્ન : જાહેરમાં આપણાથી થયેલાં પાપોને કહી બતાવીએ તો અથવા ગંગાકિનારે મોઢેથી પાપો બોલી જઇએ તો ધોવાય ખરાં?

પૂ. શ્રી : પાપને ધોવા સંકલ્પ કરો. બૂમો પાડવાથી ના ધોવાય. ફરીવાર કુકર્મો ન થાય એવો સંકલ્પ કરો. વધુને વધુ જપ કરો. સારાં પુસ્તકો વાંચો.

પ્રશ્ન : ચમત્કારિક અનુભવ આત્માના કલ્યાણમાં મદદરૂપ છે?

પૂ. શ્રી : કેટલીક અનુભૂતિ મહત્ત્વની નથી. જેમ કે કોઇ ક્ષણિક ધૂણવા માંડે, નાચવા માંડે, રડવા કે ગાવા માંડે તેથી આત્મકલ્યાણ થતું નથી. આપણા મનમાં પવિત્ર ભાવો, વિચારો, સંકલ્પો જ જાગે, આપણને શાંતિ મળે, વિકારો કોઇ પ્રકારે પણ ના ઊઠે. તો એ જ ઉત્તમ અનુભૂતિ છે. એ અનુભૂતિ આશીર્વાદ-રૂપ ઠરે છે.

પવિત્ર ભાવ અને પવિત્ર કર્મો એ જ અનુભૂતિ. એ અનુભૂતિ જીવનમાં એવી જડાઇ જાય કે ક્રોધ થાય જ નહીં. પ્રમાદ થાય જ નહીં. કોઇ કહે, ચાલ પત્તાં રમવા તો મન ડગે જ નહીં એ અનુભૂતિ જરૂરી છે. આત્મકલ્યાણ, ઉત્તમ ભાવો ને ઉત્તમ કર્મો સિવાય થતું જ નથી.

આટલું બોલતાં બોલતાં પૂ. શ્રીએ બેટરી લઇને પ્રકાશ કરી વળી બંધ કરી દેતાં કહ્યું. આવું ચમક ધમક કંઇ કલ્યાણ ન કરી શકે. અને થોડીવાર બાદ જોરશોરથી શ્વાસોશ્વાસ લઇને સૌને બતાવ્યું કે આવું કરવાથી પણ કુંડલિની જાગતી નથી ને કલ્યાણ થતું નથી.

વળી ગાવા લાગ્યા :



દુનિયા દિવાની રે, બ્રહ્માંડ પાંખડ પૂજે,
કર્તા વસે પાસે રે, મૂરખને નવ દીસે.

ચાલો હવે ઊઠી શકો છો. થોડું ફરવા જવું હોય તો જઇએ. માર્ગમાં પ્રશ્નો પૂછી શકાશે. એમ કહી પોતે ઊભા થઇ ગયા. સૌ પ્રણામ કરી બહાર ગયા. પૂ. શ્રી સાથે સૌ દૂર મેદાનમાં ગયા. માર્ગમાં પ્રશ્નો ચાલુ જ હતા.

પ્રશ્ન : મારે ત્યાં એક મહાપુરુષનો ફોટો છે. પણ હવે મને તે અયોગ્ય લાગે છે. તો તેની પૂજા બંધ કરું કે નદીમાં પધરાવી દઉં?

પૂ. શ્રી : તમે જ્યારે તેમને તમારા ઘરમાં લાવ્યા ત્યારે તો પૂજ્યભાવે જ લાવ્યા હતા ને? તો તે મહાત્મા, આજે પણ છે તો મહાત્મા જ ને? એટલે તેમને નદીમાં ન પધરાવાય. મહાપુરુષના ફોટા તો ઘરની શોભા છે. તમારા ઘરમાં જ રાખો. તમે જ્યારે જ્યારે જોશો ત્યારે ત્યારે તમને કે તમામને પ્રેરણા મળશે.

હવે તમને બીજા મહાત્મા પર પ્રેમ ને પૂજ્યભાવ છે તો તેનો ફોટો મુખ્ય સ્થાને રાખો. અને જે ફોટો તમને હવે ગમતો નથી તે માટે તમે એવી ભાવના પણ રાખી શકો કે મારા જીવનમાં જ્યારે આ સ્વરૂપે જરૂરત હતી ત્યારે તે આવ્યા, અને હવે આ સ્વરૂપે જરૂર છે તો હવે આ સ્વરૂપે આવ્યા છે.

પ્રશ્નોત્તર પૂરા થયા. ૦।। કલાક પૂ. શ્રીએ સૌને જપધ્યાનમાં બેસવાનું કહી પોતે પણ બેઠા. ત્યારબાદ સૌ છૂટાં પડયાં. પૂ. શ્રીએ ઊતારા પર આવી ફક્ત દૂધ પીને આરામ કર્યો. આરામ પહેલાં ત્રણ ભજનો સર્વેશ્વરીએ ગાયાં.

તા. ૨૦-૬-૮૧, શનિવાર, જેઠ વદ ત્રીજ, ૨૦૩૭

સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.

સવારે સર્વેશ્વરી ૬ થી ૮ મૌન રાખીને જપધ્યાન માટે બાગ-માં જાય છે. સાથે આઠ જણની આખીયે મંડળી જોડાય છે. આજે ત્રણ ભાઈબેનોએ વિદાય લીધી. સૌ પોતપોતાની જગ્યા શોધીને શાંતિથી જુદી જુદી જગ્યાએ જપધ્યાન કરવા બેસી જાય છે. સમય થતાં સૌ સાથે જ ઉતારા પર આવવાનું થાય છે.

પૂ. શ્રી સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, મંત્રજપથી નિવૃત્ત થઈ લેખનકાર્યમાં મગ્ન બની જાય છે. આજે ૧૧-૩૦ વાગ્યે દ્વાર ખૂલે છે. પણ શ્રી વિજયભાઈ જ એકલા આવે છે. સૌ આજે વિવિધ લોજમાં ભોજન લેવા ગયા છે.

પૂ. શ્રી માટે આજે ગણેશ ભોજનાલય અને મહાવીર કેન્દ્ર-માંથી ભોજન મંગાવવામાં આવે છે. ગણેશનું ભોજન એકંદરે આજે ઠીક હતું. ભોજન બાદ લગભગ ૧ વાગ્યે સત્સંગની બેઠક શરૂ થઈ, જેમાં યોગીકથામૃતનું એક પ્રકરણ વંચાયું. સૌને ખૂબ જાણવાનું મળ્યું.

પૂ. શ્રીએ મસૂરી કઈ રીતે જવાય તેની રજૂઆત ખૂબ વિનોદી રીતે કરી, એથી સૌને ખૂબ મઝા પડી. સમય થતાં સૌ વિદાય થયા.

પૂ. શ્રી માટે કેરી લેવા સર્વેશ્વરી બજારમાં ગયાં. ત્યાંથી આવ્યા બાદ આરામ કરતાં કરતાં યોગીકથામૃતનું વાંચન કર્યું. ત્યારબાદ ડાયરીનોંધ કર્યા બાદ છ વાગી ગયા, જેથી દ્વાર ખૂલ્યું. પૂ. શ્રીએ પણ આરામ બાદ દીપનારાયણ પ્રભુનામના રાજસ્થાનના સુ-પ્રસિદ્ધ સંતનું અંગ્રેજીમાં જીવનચરિત્ર છે તેનું વાંચન કર્યું.



સૌ સમયસર આવીને ગોઠવાયા. સ્વેટર પરથી પંજાબી બેનો-ની વાત થઈ. ફરવા જવાનું બન્યું. ત્યાં બગીચામાં સૌ બેઠાં. પવન ઠંડો આવતો હતો તેથી મસૂરીના હવામાનની વાત નીકળી. પૂ. શ્રીએ કહ્યું કે માતાજી ૭૫ વરસનાં થયાં ત્યાંસુધી મસૂરીની સખત ઠંડીમાં રહી શક્યાં.

ત્યાં પણ મુલાકાતીઓ સમય પર જ આવે, પણ ગુરુજી દર રવિવારે આવે. દરરોજ ત્રણચાર કલાક તેઓ અમારી સાથે વિતાવે. દેવપુરુષ હતા એ તો. તમે જો જોયા હોય તો ખ્યાલ આવે. ઊંચું ખડતલ શરીર, ખાદીનાં જ કપડાં. એમને આજકાલ બોલાવીશું. તેમને પણ મળવાથી આનંદ થશે.

પૂ. શ્રીના આ શબ્દો સાંભળી સૌને નવાઈ લાગી. કારણ ગુરુજી તો અવસાન પામ્યા હતા. પણ તેઓને એ ખબર ન હોય કે પૂ. શ્રી મૃતાત્મા–પ્રેતાત્માને ધારે ત્યારે બોલાવી વાતચીત કરી શકે છે.

પૂ. શ્રી સર્વેશ્વરીને કહેવા લાગ્યા કાલે મને યાદ કરાવજો. તેઓ ક્યાં છે, શું કરે છે તે જરા જાણીએ. મને એમને બોલા-વવાનો અત્યાર સુધી વિચાર જ આવ્યો નહતો. થોડી બીજી વાતો બાદ પૂ. શ્રીની સૂચના મુજબ ધ્યાનમાં બેઠા.

આજે મોરબીના શ્રી રમાબેનને તેમની માંગણીના અનુ-સંધાનમાં મંત્રપ્રદાન કર્યો. મંત્ર લીધો જેથી તેમણે ૫૧/– રૂ. પૂ. શ્રીને ધર્યા. પૂ. શ્રીએ ફક્ત ૧/– રૂ. લીધો. સૌ પ્રણામ કરી છૂટા પડયા.

ઉતારા પર આવી પૂ. શ્રીએ નાસ્તો કરી, દૂધ પી થોડીવાર ધ્યાનમાં બેસી આરામ કર્યો.

**તા. ૨૧-૬-૮૧, રવિવાર, જેઠ વદ ચોથ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

સવારે ૬ થી ૮ મૌન રાખી સર્વેશ્વરી આજે બાકી રહેલા બે સત્સંગીઓ સાથે ફરવા જાય છે. આજે સૌ વિદાય થયા છે. શ્રી કલ્યાણ અને શ્રી વિજયભાઇ રોકાયા છે. થોડે દૂર ચાલી એક પત્થર પર બેસી જપ, પ્રાર્થના, પાઠ કરે છે. ત્યાંથી આવી સ્નાનકાર્ય બાદ લેખનકાર્ય કરે છે.

પૂ. શ્રી પણ સ્નાન, વ્યાયામ બાદ લેખનકાર્યમાં મગ્ન બનીને બેઠા છે. સાડા અગિયારે ભોજનાલયમાં ભોજન લેવા જવાનું બન્યું. ત્યાંથી આવી યોગીકથામૃતનું 'નિરાહારી સંત'નું પ્રકરણ વાંચ્યું. સત્સંગ પૂરો થયો.

બપોરે થોડા આરામ બાદ રામાયણ લેખન થયું, થોડીવાર રાજસ્થાનના . પ્રસિદ્ધ સંત શ્રી દીપનારાયણનું જીવનચરિત્ર હિન્દીમાં સર્વેશ્વરીએ વાંચી સંભળાવ્યું.

છ વાગ્યે દ્વાર ખૂલ્યું. આજે પાલનપુરથી આવેલા એક હાયરસેકન્ડરી હાઇસ્કૂલના આચાર્ય સાથેની વાતો ને પ્રશ્નોત્તરીમાં ૭ાા વાગી ગયા. ત્યારબાદ સામેના મેદાનમાં ફરવા જવાનું બન્યું. ત્યાંથી તે ભાઇ વિદાય થયા. પૂ. શ્રી સાથે સૌ ધ્યાન-પ્રાર્થનામાં જોડાયા. ઉતારા પર આવી ખીચડી-કઢીનું ભોજન કરી બે ભજનો ગાઇને આરામ કર્યો.

**તા. ૨૨-૬-૮૧, સોમવાર, જેઠ વદ પાંચમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

સવારે સર્વેશ્વરી, શ્રી કલ્યાણ, શ્રી વિજયભાઇ સાથે સનસેટ રોડ તરફ ફરવા જાય છે. આજે ઠંડક ને પવન વધુ હોવાથી પૂ.



શ્રીએ આઠ વાગ્યે જવાનું સૂચન કર્યું. તો આઠ થી દસ જપ, પ્રાર્થના, પાઠ થયા.

સમયસર ભોજન સુધી પૂ. શ્રી નિત્યકર્મથી નિવૃત્ત થઇ લેખનકાર્યમાં રત રહ્યા. ભોજનબાદ સનસેટ રોડ પર આવેલા કમલા નહેરુ ઉદ્યાન તરફ આજે પૂ. શ્રી સાથે ફરવા ગયા. બાગમાં બેઠા ત્યાં પૂ. શ્રીએ ઋષિકેશના એક સાધુ મહાત્મા ને પોલીસની વાત કરી. ઘણું જાણવાનું મળ્યું.

ત્યાંથી આવતાં બે વાગી ગયા જેથી છાશની લસ્સી શ્રી-કલ્યાણે યાદ કરી, જેથી તે લસ્સી પીધી. પછી આરામ કર્યો. સર્વેશ્વરીએ ડાયરી લખી. સાંજે થોડીવાર સત્સંગ કરી મેદાનમાં બેઠાં, ત્યાં પૂ. શ્રીની પોતાની માંદગીની વાતો થઇ. થોડા ધ્યાન બાદ ઉતારા પર આવી ગયા.

ખીચડી-કઢીના ભોજન બાદ આરામ કર્યો. હરિઃ ૐ.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# પરમશક્તિની પરમ ઓળખ

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

મહિમા જાણ્યો તમારો,
આજે મેં મહિમા જાણ્યો તમારો.
એક વૃક્ષની બે શાખાના પંખી,
રૂપરંગ એક જ ને સનાતન સંગી.
તો યે તફાવત ન્યારો... મહિમા૦
જીવ હું તમે શિવ, સૃષ્ટિના સ્વામી,
એક છતાં અનેક છો તમે બહુનામી,
આતમ દિવ્ય અનેરો... મહિમા૦

પરમાત્મા સ્વયં માતૃસ્વરૂપ ધારણ કરીને પૂ. મા સર્વેશ્વરીરૂપે મનુષ્યદેહ ધારણ કરીને આપણી સૌની વચ્ચે જ પોતાનો દિવ્ય લીલાવિહાર કરી રહ્યાં છે. તેમનો મહિમા ખરેખર અપાર છે. કોણ જાણી શકે?

જીવોના ઉદ્ધાર અને આત્મકલ્યાણ માટે પરમશક્તિ સ્વયં યુગોથી મનુષ્યદેહ ધારણ કરીને પોતાની લીલાસામર્થ્યનાં દર્શન અનેકવાર કરાવ્યાં છે. પરંતુ મનુષ્યદેહમાં પ્રકટેલી એ પરમશક્તિની પરમ ઓળખ પામવી અતિશય દુર્લભ છે. યુગોથી માનવ છેતરાતો આવ્યો છે. અને જ્યારે આજે પણ પૂ. મા સર્વેશ્વરીના માતૃસ્વરૂપમાં પરમશક્તિ પ્રકટેલી છે, ત્યારે પણ તેની પરમ ઓળખ પામવામાં માનવ ફરી એકવાર છેતરાઇ રહ્યો છે.

આપણે સંપત્તિના ઢગ સર્જીને ધનાઢય થઇ શકીએ, વૈજ્ઞાનિક



સાધનોની મદદથી જગતને આપણે આંગણે ખડું કરી શકીએ, સૃષ્ટિના સ્વામી થઇને તેના પર આધિપત્ય જમાવી શકીએ, વિદ્વત્તાને સહારે શાસ્ત્રમંથન કરી શકીએ, ચકિત કરી દેનારી સિદ્ધિઓના સ્વામી થઇ શકીએ! અગ્નિ, પાણી, પવન જેવા પ્રકૃતિનાં તત્ત્વોને વશ કરી તેની પાસેથી કામ લઇ શકીએ. અલબત્ત બધું જ અલભ્ય લભ્ય કરી શકીએ. અશક્ય શક્ય કરી શકીએ, પરંતુ પાસે જ રહેલા સૃષ્ટિના સ્વામીની પરમ ઓળખ પામી શકતા નથી! જેના પરમ સામર્થ્યને લીધે આ સંસારચક્ર ચાલી રહ્યું છે, તે પરમશક્તિનો પરમ પરિચય પામવો તે લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે! દૃષ્ટિમાં દિવ્યતા પ્રકટે નહિ ત્યાંસુધી એ દિવ્યદર્શનની અલૌકિકતા માણી શકાતી નથી!

એક જ શાખાનાં બે પંખીની જેમ જીવ અને શિવ સાથે જ મહાલી રહ્યા છે. છતાં સંસારની ક્ષુદ્ર અને મોહક આભાથી અંજાયેલો જીવ પાસે જ રહેલા શિવના પરમ શાંતિપ્રદાયક દર્શન પામી શકતો નથી. અનિત્ય પદાર્થોની સેવનની ગુલામીમાં સબડવાનું, તે કાદવમાં ખૂંપી જવાનું જીવને એવું તો ગમે છે કે તે અનિત્યના દાસત્વમાંથી મુક્ત થઇને તેને નિત્યતાના સોપાન પર પગ મૂકવાની ઇચ્છા જ થતી નથી. દેહના દાસત્વમાં જીવ એવો તો અટવાયેલો રહે છે કે દેહમાં રહેલા શિવ કે દેહ ધારણ કરીને પ્રકટેલા શિવને, સમ્યક્પણે પામીને પરમ ધન્યતાનો એહસાસ કરી શકતો નથી!

જાણ્યે અજાણ્યે પણ એ પરમશક્તિની પરમકૃપા થકી જ આપણા જીવન આંગણે પરમશક્તિના પ્રકટ સ્વરૂપના દર્શનનો અલૌકિક લ્હાવો માણવાનો પરમ ધન્યતાનો અવસર આવીને ઊભો છે!

પૂ. મા સર્વેશ્વરીના સ્વરૂપમાં પરમશક્તિનો પ્રકટ લીલાવિહાર આ પૃથ્વીપર અત્યારે ચાલી રહ્યો છે. પણ એ પરમ સ્વરૂપની ઓળખ કોણ પામી શક્યું છે? અરે! જેઓ નજીક આવ્યા છે તેઓ પણ કેટલા દૂર છે, તે તો તેમના વર્તનમાં પ્રતિબિંબિત થયા વગર રહેતું નથી! ઇતિહાસના ઊઘાડા સત્ય સામે પણ આપણી નિર્બળ-તાને ઢાંકવા આપણે આંખમીંચામણા કરી રહ્યા છીએ! અમે પ્રભુના પાર્ષદ છીએ અને અમારી રજા વગર કોઇ પરમધામમાં પ્રવેશી પ્રભુનાં દર્શન પામી શકે નહિ, એવા અહંના ભારથી લદાયેલા જયવિજય સનકાદિક ઋષિઓનું અપમાન કરી, ફરી જન્મમરણના ચક્રમાં ફસાયા! નજીકના ભૂતકાળની વાત કરીએ તો રામકૃષ્ણદેવના ભાણેજ હૃદયરામ અને સેવક હાજરા મહાશય ઠાકુરની અનન્ય સેવા અને સાન્નિધ્યનું પરમ સુખ પામ્યા છતાં જાણે કોરા જ રહી ગયા! ત્યાંસુધી કે તેમની કુચેષ્ટાઓને લીધે દક્ષિણેશ્વરના પવિત્ર સ્થાનમાંથી તેઓને વિદાય આપવી પડી!

ભલે કપરો કલિકાળ ચાલી રહ્યો હોય! ભોગવિલાસની પ્રચૂરતાને લીધે ભલે દેહાધ્યાસ એની પરમસીમાએ પહોંચ્યો હોય, ઝાંઝવાના જળ જેવા પદાર્થો પાછળ માણસ આંધળો દોડ બની ગયો હોય, વર્તમાન યુગના સંજોગો અને વાતાવરણ ભલે ગમે તેવા ડહોળાયેલાં હોય પણ પરમશક્તિની પરમસત્તા, પરમ તેજસ્વિતા, પરમ દિવ્યતાનો યુગોના અંધારાને પણ ભેદીને એવી ને એવી પ્રકાશી રહી છે! પરમાત્માની પરમશક્તિને તો કોઇ બાધ્ય બનાવી શકતું નથી! એમના લીલાવિહારને ગમે તેવા લૌકિકતાના આંધીવંટોળ અટકાવી શકતા નથી. એ તો ગમે તેવા કપરા સંજોગો વચ્ચે પણ પ્રકટીને પોતાના લીલાલાલિત્યના પરમ દર્શન આપીને પોતાના ભક્તોને પરમાનંદના દિવ્ય પ્રદેશમાં વિહરવાનું સૌભાગ્ય આપે છે.



એ સર્વસમર્થ ન એને બદ્ધ કરે કોઇ કેમે,<br>
કોઇ પોકારે પ્રેમે વાત કરે વિશ્વાધાર.

શ્રી શ્રી મા સર્વેશ્વરીમાં પરમશક્તિનો પ્રકટ લીલાવિહાર છે એ વાત હવે છાની રહી નથી! પૂ. માની સર્વસમર્થતાના અનેક લીલાપ્રસંગોનું દિવ્યદર્શન પ્રેમી ભક્તોએ માણ્યું છે. પૂ. માના પરમ લીલાવિહારના સાક્ષી બનવાનું સૌને ખુલ્લું આમંત્રણ છે.

મનુષ્યશરીર ધારણ કરીને પરમશક્તિ પ્રકટે છે તેનો એક વધુ પુરાવો પૂ. માનું પ્રાકટ્ય છે. શ્રી ગુરુદેવપ્રભુ યોગેશ્વરજીના પ્રચંડ પ્રેમપોકારોનો પ્રત્યુત્તર પરમશક્તિએ પૂ. માના પ્રાકટ્યદ્વારા આપ્યો છે.

જે પરબ્રહ્મ પરમશક્તિ એ કરવાથી અનુરક્તિ,<br>
પ્રકટે છે બનતાં વ્યક્તિ એની કરુણાનો ના પાર.

પરમાત્મા એક માત્ર પોતાના ભક્તો પાસે વિવશ બને છે. ગુરુદેવપ્રભુએ પોતાનું તન, મન, ધન સર્વ કાંઇ સમર્પી ને પૂ. માના પરમસ્વરૂપને પ્રકટાવ્યું છે. અને એમની પરમ ઓળખ સૌ કોઇ પામી શકે તે માટે પોતાની હયાતી દરમ્યાન પ્રેમીભક્તોને સ્વમુખે પૂ. માની પ્રાકટ્યલીલાનું રહસ્યોદ્ઘાટન કર્યું હતું! ભવિષ્ય-ની પેઢી પણ પૂ. માના લીલાપ્રાકટ્યને પામી શકે તે માટે 'સર્વેશ્વરી એક પરિચય' પુસ્તક પણ લખતા ગયા. શ્રી ગુરુદેવપ્રભુના લીલા-સંવરણ પછી પણ જે તે તીર્થસ્થાનના અધિષ્ઠાતા દેવતાઓએ મૂર્તિમાંથી પ્રકટ થઇને પૂ. માની પરમ ઓળખ આપી છે.

જેમ ગુરુદેવપ્રભુના સાધનાકાળ દરમ્યાન કેટલાક સિદ્ધપુરુષો-એ કોઇ પણ જાતના પ્રત્યક્ષ પરિચય સિવાય ફક્ત તેમના દર્શન-માત્રથી તેમની પરમ ઓળખ આપી હતી, તે સિદ્ધપુરુષોમાં મહાત્મા કુલાનંદ અને ઉડિયાબાબાનો ઉલ્લેખ "પ્રકાશના પંથે"માં છે.

તેમ પૂ. માની પરમ ઓળખ પણ કેટલાંક સત્પુરુષોએ સામે ચાલીને આપી છે.

તાજેતરમાં જ આવી એક ઘટના બની છે તેમાંથી પ્રેરણા લઈને પૂ. માની સાચી પરમ ઓળખ પામીએ અને આપણી પરમશ્રદ્ધાને વધુ દૃઢ બનાવીએ!

તા. ૨૨, ઓક્ટોબર, ૯૭ ના રોજ પૂ. મા ટોરન્ટોથી લંડન થઈ ભારત આવી રહ્યાં હતાં. લંડનના એરપોર્ટપર પૂ. મા વેઈટીંગલોઝમાં પ્લેનના પ્રસ્થાનની રાહ જોતાં બીરાજ્યાં હતાં. થોડીવારમાં એક સજ્જન પુરુષ પણ બાજુમાં આવી બેઠા. તેમનો પોષાક શુદ્ધ ભારતીયતાનો પરિચય આપી રહ્યો હતો! કફની, ધોતીયું, ખભાપર શાલ, ચંપલ ને ચશ્માથી શોભતું તેમનું વ્યક્તિત્વ ભારતીય ગરીમાને વધુ ઉજ્જવળ બનાવી રહ્યું હતું. વિદેશની ધરતીપર આવા શુદ્ધ ભારતીય વ્યક્તિત્વનાં ભાગ્યે જ દર્શન થાય!

તે સજ્જન પુરુષ પાસેની ખુરશીપર આવીને બેઠા અને તરત જ પોતાની પાસેનું સંસ્કૃત શ્લોકવાળું અંગ્રેજી પુસ્તક વાંચવા લાગ્યા. પૂ. માનું ધ્યાન પણ એ સજ્જનપુરુષ તરફ ગયું અને લાગ્યું કે કોઈ વિશેષ વ્યક્તિ છે.

પૂ. મા લંડનથી દિલ્હીના પ્લેનમાં બેઠાં. જોયું તો તે સજ્જન પુરુષ પૂ. માની પાછળની સીટમાં જ બેઠા હતા.

પૂ. માનું દર્શન થતાં જ એમણે પૂ. મા સાથે યાત્રા કરી રહેલા શ્રી ભગવાનજીભાઈને પ્રશ્ન પૂછ્યો કે આ સંત જેવાં લાગે છે તે કોણ છે? શ્રી ભગવાનજીભાઈએ કહ્યું કે તેમને અમે 'મા' કહીએ છીએ અને તેઓ અમારા સદ્દગુરુ છે. તેઓ બે વરસથી અમેરિકા હતાં અને આજે ભારત જઈ રહ્યાં છે.



શ્રી ભગવાનજીભાઈએ તેમને પૂછ્યું કે આપનો પરિચય? તેમણે કહ્યું કે હું લાલબહાદુરશાસ્ત્રી સંસ્કૃત યુનિવર્સીટી દિલ્હીનો ઉપકુલપતિ છું. હું અહીં કેમ્બ્રીજ અને ઓક્સફર્ડ યુનિ.માં સંસ્કૃતનું શિક્ષણ આપવા અને પ્રવચનો માટે આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિનું યોગ સાથે શિક્ષણ આપવું તે હેતુથી લંડન આવ્યો હતો.

આ બંને મહાનુભાવો પરસ્પર વાત કરતા હતા તે દરમ્યાન પૂ. મા પોતાની જગ્યાપર આવીને બીરાજ્યાં!

આ સાથે જ પરમ આશ્ચર્ય સાથે પરમ પ્રસંગનું દર્શન થયું! તે સજ્જન પુરુષ એકાએક પોતાની જગ્યાએથી ઊભા થઈને પૂ. મા પાસે આવીને પૂ. માના શ્રી ચરણોને સ્પર્શ કરીને પ્રણામ કર્યાં! તેઓ પૂ. મા સામે જોઈ જ રહ્યા! જાણે કોઈ દિવ્ય દર્શન પામતા હોય તેવા ભાવથી આદર અને નમ્રતાથી એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના બોલ્યા, "માતાજી! આપ તો જગદંબા છો. મને મારી કાર્યસિદ્ધિ માટે આશીર્વાદ આપો. હું સંસ્કૃતભાષા અને ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે લંડન આવ્યો હતો."

પૂ. માએ મૌન જ રહીને સહજ રીતે એમના મસ્તકે વરદ-હસ્ત પધરાવીને આશીર્વાદ આપ્યા અને તરત જ પાટીમાં લખ્યું, "તમારો ભારતીય પોષાક જ ભારતીય સંસ્કૃતિના દૂતસમો છે. તમારો પોષાક જોઈને જ અમે આપને મનોમન નમસ્કાર કર્યાં હતા."

તે સજ્જન પુરુષ ફરીથી ભાવપૂર્વક આદર સાથે કહેવા લાગ્યા, "આપના દર્શન થતાં જ અંતરમાં પ્રેરણા થવા લાગી કે માતાજી તમે સાચે જ જગદંબા છો તેથી આપના આશીર્વાદ પામવા આપના શ્રી ચરણોને સ્પર્શ કરી પ્રણામ કરતાં મારી જાત-ને રોકી શક્યો નહિ."

તેઓ આગળ બોલ્યા, "જ્યારથી આપની સ્લેટપર "ૐ"

યોગેશ્વરાય નમઃ" વાંચ્યું ત્યારથી મનમાં એવા ભાવો ઊઠવા લાગ્યા કે આ યોગેશ્વર જ આપનો મેળાપ કરાવી મને આપના દર્શન અને સાન્નિધ્યનું સુખ આપશે! મારા ઈષ્ટદેવ પણ શ્રીકૃષ્ણ જ છે અને શ્રીકૃષ્ણની કૃપાથી જ આપના દર્શનનો લ્હાવો મને મળ્યો. આપના દર્શનથી મને ખૂબ ખૂબ આનંદ થયો છે. હવે આપ આરામ કરો, વચ્ચે વચ્ચે આવીને આપના આશીર્વાદ લઇ જઇશ."

વાતચીત પૂરી થઇ એટલે ફરીથી એ પોતાની સીટ પર જઇને બેઠા. દિલ્હી આવવાની બે કલાકની વાર હતી ત્યારે પૂ. માએ તે સજ્જન પુરુષને સામેથી યાદ કર્યા કે તુરત જ તેઓ ઊઠીને પૂ. મા પાસે આવ્યા અને ફરીથી ચરણસ્પર્શ કરી પ્રણામ કરીને કહેવા લાગ્યા, "હું ક્યારની રાહ જોતો હતો કે માતાજી મને બોલાવે તો સારું. મેં મારા મનમાં સંકલ્પ કર્યો હતો કે હવે તો માતાજી સામેથી જ બોલાવે તો જ જાવું અને તમે મને બોલાવ્યો એટલે અંતર આદર અને પૂજ્યભાવથી ભરાઇ ગયું! મને સમજાય ગયું કે માતાજી કોઇ સામાન્ય મનુષ્યદેહધારી વ્યક્તિ નથી. પ્રથમ નજરથી જ મને આપના જગદંબાસ્વરૂપની પ્રતીતિ થઇ હતી! માતાજી! આપને ત્રીજું નેત્ર છે, એક્સરે મશીનમાં જેમ જેવું હોય તેવું દેખાઇ જાય છે. તેમ આપ મનની બધી જ ગતિવિધિઓને નિમિષમાત્રમાં જાણી જાઓ છો."

ત્યાર પછી તો તેમણે પોતાની પ્રવૃત્તિની વાતો કરી અને પૂ. માએ પણ પૂ. ગુરુદેવપ્રભુની પ્રવૃત્તિ વિષે વાતો કરી.

દિલ્હી એરપોર્ટ પરથી વિદાય વખતે ફરીથી તેમણે પૂ. માને પ્રણામ કર્યાં. અને પ્રાર્થના કરી, "આપની સાથે યાત્રામાં જોડાવાનો લાભ આપજો. અને મારી કાર્યસિદ્ધિ માટે મને ખૂબ ખૂબ આશીર્વાદ આપો."



આ સજ્જન પુરુષનું નામ વાચસ્પતિ ઉપાધ્યાય હતું અને તેઓ દિલ્હીની સંસ્કૃત વિદ્યાપીઠના ઉપકુલપતિ હતા!

આમ તો ઘટના સહજ લાગે છે. પરંતુ તેની પાછળ ઈશ્વરી પ્રેરણાનું બળ રહેલું છે. પૂ. માના જીવનમાં બનતી ઘટનાઓ ભલે સહજ અને સામાન્ય લાગતી હોય, પરંતુ તે દિવ્યતા સભર અલૌકિકતાનો અમર સંદેશ આપી જાય છે. પૂ. માનો જીવનવિહાર એ કોઇ સામાન્ય માનવનો નથી. પરંતુ સાક્ષાત પરમશક્તિનો લીલાવિહાર છે. તે લીલાવિહારમાંથી પ્રસ્ફુટિત પ્રેરણાની ઝરણીઓમાં દિવ્ય સંગીતનું ગુંજન સહજ હોય છે. પૂ. મા સહજ ચાલતાં હોય, બેઠાં હોય, સૂતાં હોય કે સામાન્ય દૈનિકવિધિઓમાં વ્યસ્ત હોય પરંતુ એ લીલાવિગ્રહના દરેક અંગમરોડમાંથી દિવ્યપ્રેમ અને પ્રસન્નતાના ફુવારાઓ ઊડતા જ હોય! જેમ ગુલાબના પુષ્પમાં સુવાસ સહજ હોય છે તેમ પરમશક્તિ પૂ. માના લીલાવિગ્રહમાંથી પરમતત્ત્વનું વર્ષણ વહ્યા જ કરે છે, દિવ્યતાની સુગંધ સહજ પ્રસર્યા જ કરે છે.

કોઇ સુપાત્ર જીવ આ પ્રેમવર્ષણથી ભીંજાય જતો હોય છે, દિવ્ય સુવાસથી સહજ જ સુવાસિત બની જતો હોય છે. અહીં ઘટેલી ઘટના પણ પરમદિવ્યતાની હૂંફથી પાંગરતા પદ્મની છે. પૂ. માના દર્શનમાત્રથી જે દિવ્યદર્શન તેમના અંતરમાં લાધ્યું તેની અભિવ્યક્તિ સહજ જ વહેતી થઇ ગઇ અને તેમણે કહ્યું, "માતાજી! આપ તો જગદંબા છો."

પ્રથમ જ દર્શને, કોઇ પણ જાતની વાતચીત થયાવગર કે પૂર્વ પરિચય વિના કોઇના માટે ઈશત્વનું આરોપણ કરવું કે ઈશદર્શનથી અભિભુત થઇને જનસમૂહની વચ્ચે કોઇની પણ પરવા કર્યાવગર પૂ. માના શ્રીચરણોને પ્રેમપૂર્વક સ્પર્શ કરીને પ્રણામ કરવા

એ કોઇ સામાન્ય બાબત નથી. પરંતુ અસાધારણ ઘટના છે. અને તે વળી કોઇ સામાન્ય માનવ નહીં પણ સંતકોટીના ગણાય તેવા સજ્જન મહાપુરુષ!

આ અલૌકિક ઘટના આપણને શું પ્રેરણા આપે છે? પૂ. મા તો પરમશક્તિનું પ્રકટ સ્વરૂપ છે જ, પરંતુ દિવ્યદર્શન એમને જ થશે જેઓએ પોતાના પાત્રને પરમોચ્ચ કક્ષાએ પરમ ઉજ્જવળ અને સ્વચ્છ કર્યું હશે કે જેમાં તે દિવ્યદર્શન તુરત જ પ્રતિબિંબિત થઇ ઊઠે!

પૂ. મા તો સ્વયં પરમાત્મા છે જ! પાત્રતાની પારાશીશીથી આપણે તેમને કેટલા પામી શકીએ છીએ તે આપણે નક્કી કરવાનું છે. જેવી જેટલી જેની પાત્રતા તેવી તેટલી તે દિવ્ય અનુભૂતિનો લ્હાવો માણી શકશે, એમાં તો કોઇ શંકા નથી. પૂ. મા તો પરમ-પ્રેમનું પરમ સત્યસ્વરૂપ છે. વાદળાઓ સૂર્યના પ્રકાશને રોકી શકે પરંતુ તેને પ્રકાશતો રોકી શકે નહીં. ધર્માચરણનાં ખોટાં વાદળાંઓ ઊભાં કરીને આપણે પૂ. માના પ્રેમપ્રકાશની કેવી રીતે આશા રાખી શકીએ? કોઇની ખોટી નિંદા ટીકા કરીને આપણે પૂ. માના પરમસ્વરૂપની પ્રશસ્તિ કેવી રીતે કરી શકીએ! ક્યાંય આસક્તિના બંધનમાં બંધાઇને પૂ. માના પરમપ્રેમના બંધનમાં કેવી રીતે બંધાઇ શકીએ! સ્વયં અનેક પાશના બંધનથી બંધાઇને મુક્ત પરમપુરુષ પૂ. માને મુક્તપણે કેવી રીતે પ્રેમ કરી શકીએ? મુક્ત થઇશું તો જ મુક્તિને પામી શકીશું! ગમે તેવી યુક્તિથી પણ પમરાત્માને છેતરી શકાય નહીં.

શ્રી વાચસ્પતિજી પ્રથમ દૃષ્ટિથી જ પૂ. માના પરમસ્વરૂપને પામી ગયા! સાફ દિલમાંથી જ સફાઇદાર સત્યસ્વરૂપના પરમ-દર્શન થાય! શ્રી વાચસ્પતિજી આપણને પ્રેરણા આપે છે કે



આંગણે આવીને ઊભેલા એ માતૃસ્વરૂપમાં પ્રકટેલા પરમાત્માને પ્રથમ દૃષ્ટિએ પામવા હોય તો એ દૃષ્ટિ ફક્ત પૂ. માને જ આપો!

માતૃસ્વરૂપે પ્રકટેલા વિશ્વપતિના પ્રાકટ્યનો મહોત્સવ માણવો હોય તો ગોપીઓની જેમ બધું જ છોડીને એ રાસલીલામાં સંમિલિત થઇને વિલિન થવું જ પડશે!

પ્રેમ, પવિત્રતા ને પ્રસન્નતાના અધિપતિ,
માતૃસ્વરૂપે વિશ્વે પ્રકટ્યા વિશ્વપતિ.'

### ઈશ્વર ક્યારે દર્શન આપે?

ઈશ્વરને પામવા સારું ખૂબ વ્યાકુળ થઇને પોકારતાં પોકારતાં, સાધના કરતાં કરતાં પછી તેની કૃપા થાય. છોકરું બહુ જ વ્યાકુળ થઇને ગોતાગોત કરતું, આમતેમ દોડયા કરે એ જોઇને માને દયા આવે. મા સંતાઇ ગઇ હોય તે આવીને દર્શન દે.

**રામકૃષ્ણ પરમહંસ**

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# યાત્રાનો પ્રારંભ

સુરેશભાઈ શાહ, કેનેડા.

## તા. ૨૨–૮–'૯૭, શુક્રવાર, ટોરોન્ટો/એડમન્ટન

પૂર્વજન્મના સંચિતકર્મોના આધારે અને સંતોની કૃપા થાય તેવા જ આત્માઓ પરમ પૂજ્ય માના સાન્નિધ્યમાં યાત્રા કરવા જોડાય છે. પૂ. માના મૌનવ્રતની સૌને જાણ છે. છતાં સૌ યાત્રા માટે પ્રેરાય છે. તે સૌના સદ્‌ભાગ્યની ઝાંખી કરાવે છે. ટોરોન્ટોથી પૂ. મા સાથે ૪૦ યાત્રીઓ જોડાય છે. ટોરોન્ટોથી બપોર પછી ૪–૩૫ વાગે ઉપડતા પ્લેનમાં સૌને જવાનું છે. એરપોર્ટ ઉપર સૌને મોડામાં મોડા ૨–૩૦ વાગે આવવાનું જણાવાય છે.

પૂ. માના સાધનાખંડમાં બપોરે ૧–૩૦ વાગે જવાનું થાય છે. પૂ. મા ખિન્ન છે. કારણ પૂછતાં જાણવા મળે છે કે, ભારતમાં શ્રી કલ્યાણભાઇ કલોલાનાં ધર્મપત્ની શ્રીમતી જ્યોત્સનાબેનનું મોરબી-થી રાજકોટ જતાં ટંકારા ગામ પાસે બસઅકસ્માતમાં અવસાન થયું છે. પૂ. માની આજ્ઞાથી રાજકોટ ટેલીફોન કરી શ્રી શાંતિભાઇ પાસેથી પૂ. મા માહિતી મેળવે છે અને શ્રી કલ્યાણ સાથે વાર્તાલાપ થાય છે. પૂ. મા ધીર, ગંભીર છે અને લખીને જણાવે છે કે–

* સંસ્કારો અને ઋણાનુબંધ પ્રમાણે જીવનમાં પાત્રો મળે છે.

* ઋણાનુબંધ પૂરા થતાં જીવનયાત્રામાંથી તે સહયાત્રી છૂટા પડે છે.

* ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાલ, નર-સિંહ મહેતાની આધ્યાત્મિકતા અને મનની સ્થિતિ સાથે પૂ. મા શ્રી કલોલાને સરખાવે છે.



* હવે મા, તમારી સંભાળ રાખી છે તેથી વિશેષ રાખશે, તમે એકલા નથી.

* પૂ. શ્રી જ્યોત્સનાબેનનું પ્રભુ ઉપર ધ્યાન રાખશે અને મા, તમારું નીચે ધ્યાન રાખશે.

શ્રી કલોલાની સ્વસ્થતાથી પૂ. માને સંતોષ થાય છે. ભાઇ શ્રી કલોલાને શાંત્વન આપ્યા પછી પૂ. મા એડમન્ટનયાત્રા માટે પ્રભુને પ્રણામ કરી યજમાનના નિવાસસ્થાનેથી નીકળે છે. એરપોર્ટ ઉપર સૌને પૂ. માના દર્શનનો લાભ મળે છે. બોર્ડીંગ પાસ મેળવી પ્લેનમાં બેસવા જતાંસુધી પૂ. મા સૌને દર્શનની ઝાંખી કરાવે છે. એરપોર્ટ ઉપર પ્લેનમાં બેસતાં પહેલાં સૌ મંત્રોચ્ચાર કરે છે અને "યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના, સાથી બનજો યોગેશ્વર પરમાત્મા," સૌ ગાય છે. પૂ. મા સૌને ચોકલેટનો પ્રસાદ આપે છે. પ્લેનમાં સીટ ઉપર બેસતાં જ પૂ. મા પ્રભુને બાજુની બેઠક ઉપર આસન આપે છે અને મંત્રજપમાં મન સ્થિર થાય છે.

કેનેડા ૩૦૦૦, ટોરોન્ટોથી એડમન્ટન, લગભગ ૧૬૦ વ્યક્તિની કેપેસીટીવાળું પ્લેન, ત્રણ કલાક ત્રીસ મિનિટમાં એડ-મન્ટન લઇ જશે તેવી જાહેરાત સૌ સાંભળે છે. યાત્રામાં વૃદ્ધો, યુવાનો અને બાળકો પણ છે. યાત્રા, પૂ. માના સાન્નિધ્ય, દર્શન અને સત્સંગ તથા કુદરતી સૌંદર્યથી સુસંપન્ન એડમન્ટન, આલ્બર્ટાના સ્થળોની મુલાકાત માટે યોજાઇ છે. લગભગ ૩૦ હજાર ફૂટની ઊંચાઇ પર ઊડતું વિમાન સૌને એડમન્ટનના રનવે પર લાવે છે. વિમાનનું રનવે પર લેન્ડીંગ થતાં સૌ મંત્રોચ્ચાર કરે છે અને સૌ આનંદની લાગણી અનુભવે છે.

એડમન્ટન એરપોર્ટ ઉપર પૂ. મા સૌના સામાનની ચોક્સાઇ

કરી લે છે અને ત્યારબાદ જ સૌને એરપોર્ટની બહાર જવાની સૂચના મળે છે.

એડમન્ટન એરપોર્ટ ઉપર યજમાન પરિવાર સાથે બીજા સાધકો પણ પૂ. માનું પુષ્પ અને પુષ્પહારથી સ્વાગત કરે છે. સૌના હૈયાં હેતથી નાચી રહ્યાં છે. ઘણા સમયની યજમાનની પ્રાર્થના સંભળાય છે. અને તેનો અવર્ણનીય આનંદ તેમના મુખારવિંદ પર જણાઇ આવે છે.

યજમાનનું સ્થળ એરપોર્ટથી ત્રીસ મિનિટના મોટરમાર્ગે છે. સૌને લઇ જવાની સુંદર સુવધા યજમાને કરેલી છે. આંગણામાં પૂ. માના સ્વાગત માટે પાથરણા પર પુષ્પોની પાંદડીઓ/પાંખડીઓ બીછાવી છે. પુષ્પથી કોમળ હૈયું ધરાવતાં પૂ. મા પુષ્પોને બચાવીને ગૃહપ્રવેશ કરે છે. યજમાન પૂ. માને અર્ચના કરે છે અને આરતી ઉતારે છે, સૌ યાત્રીઓનું તિલક કરી સ્વાગત કરે છે. જાણે કે આવો અવસર ફરીથી ના પણ આવે.

સ્વાગતમ્ કૃષણ, સ્વાગતમ્ શ્રી મા–પ્રભુ. ધૂન ગવાય છે અને વાતાવરણ દિવ્યતાનો અનુભવ કરે છે. સ્વ. જ્યોત્સનાબેનના આકસ્મિક અવસાન નિમિત્તે સૌ બે મિનિટ મૌન પાળી સદ્ગતના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરે છે. સૌને યજમાન તરફથી ભોજન મળે છે. સૌને જુદા જુદા ઉતારા પર જવાની જોગવાઇ થાય છે. પૂ. માને પ્રણામ કરી સૌ વિદાય લે છે.

**તા. ૨૩–૮–'૯૭, શનિવાર, એડમન્ટન**

એડમન્ટન શહેરમાં આજે પ્રથમ પ્રભાત છે. ટોરોન્ટો શહેરની સરખામણીમાં શહેર નાનું, શાંત અને ઓછી વસ્તીવાળું જણાય છે. સૌ સાધકોને યજમાન શ્રી વાસુદેવભાઇના "વાત્સલ્યધામ"માં



સત્સંગની બેઠક માટે પૂ. માની આજ્ઞા છે. પૂ. મા સાથેની યાત્રામાં સંસારની વાતોને, સંસારના સગપણને અને સાંસારિક રીતરિવાજોને તિલાંજલી આપવાની હોય છે. નામસ્મરણ, સત્સંગ અને કીર્તનને પ્રાધાન્ય અપાય છે અને એ નિયમાનુસાર વાત્સલ્યધામમાં માતૃવાત્સલ્ય પામવા સત્સંગની પ્રથમ બેઠક સવારે ૯–૦૦ વાગે શરૂ થાય છે.

મંત્રોચ્ચાર, મંત્રગાન, પૂ. શ્રી અને પૂ. માની બાવનીથી કાર્યક્રમ શરૂ થાય છે. સૌ પૂ. માના દર્શન માટે આતુર છે, અધીરા છે, ઉન્મત્ત છે. ભજન ગવાય છે. જેના શબ્દો છે, "એવા ગુરુના પદે મારી પ્રીતિ હજો," અને દરમ્યાનમાં પ્રીતિ અને પ્રિયતમ સાથે પરમ વંદનીય, પરમ કલ્યાણકારી, પરમ પૂજનીય પૂ. મા પધારે છે. હાસ્યથી નિખરતું વદનકમળ, શિલ્પસમું શરીર અને મધુરતાથી મઢેલા પૂ. માના દર્શનથી સૌ ધન્યતા અનુભવે છે. પૂ. માની આજ્ઞાથી રાખી અને પ્રેયસ કે જેઓ શ્રી મુકુટરામ મહારાજ અને દાજીરામ મહારાજના પરિવારના સંતાનો છે. તેઓ ગુરુ ૐ ની ધૂન ગાય છે. વાતાવરણ પવિત્રતા અને દિવ્યતાથી ઊભરાય છે.

પૂ. મા, યાત્રીઓની ક્ષેમકુશળતાની પૃચ્છા કરે છે અને નાનામાં નાના બાળકથી માંડી મોટામાં મોટા વડીલની સુખાકારીના સમાચાર જાણી લે છે. સંતનો કેવો આદર્શ વ્યવહાર અને કૌટુંબિક ભાવના, સૌનું હિત ચાહે છે તે જ સમર્થ સંત છે તેવું સતત સ્મરણ પૂ. માના આદર્શ વર્તનથી થયા કરે છે. પૂ. મા સૌને આગવી હાસ્યવૃત્તિના પણ દર્શન કરાવે છે. આત્મિયતાની અનન્ય ભાવોક્તિનો સૌ અનુભવ કરે છે. આજે યજમાન શ્રી પદ્માબેનને પૂ. મા ઇ. સ. ૧૯૬૧ થી ૧૯૬૫ સુધી સુરતમાં હોસ્ટેલજીવનમાં

સાથે રહેતાં હતાં તેનાં સંસ્મરણોને સંભાળે છે અને તે દિવસોમાં પૂ. મા ભજનો ગાતાં હતાં તેનું પણ સ્મરણ કરાવે છે.

કેનેડાદેશના સ્થાપત્યમાં સૌથી ઊંચી કલા, સૌથી વિશાળ ક્ષેત્રફળ અને આધુનિક સુવિધાઓથી સુસજ્જ એવા વેસ્ટ એડમન્ટનમોલ્ટની મુલાકાતે સૌ જાય છે. ખાદ્યપદાર્થોના વિવિધ સ્ટોર, જીવનજરૂરિયાતની દુકાનો, કપડાંના સ્ટોર, પ્રાણીસંગ્રહાલય, સ્કેટીંગ રીંગ, આઇસ હોકી, બાળકો માટેની રાઇડો, માછલી ઘર, અને એવા અનેક સ્ટોર્સ આ મોલમાં છે. ત્રણ મજલાના મોલમાં લગભગ ૯૦૦ થી વધારે સ્ટોર્સ છે. મોલનું સ્થાપત્ય, મોલનું પ્લાનીંગ, મોલની સ્વચ્છતા અને સુઘડતા ઉડીને આંખે વળગે તેવાં છે, સૌને અલ્પાહાર પણ કરાવવામાં આવે છે. રંગીન ફુવારા, રંગબેરંગી રોશની સૌને આકર્ષે છે.

સાંજના વળી સત્સંગની બેઠક યોજાય છે. આ એડમન્ટનના સેઇન્ટ આલ્બર્ટ હિંદુમંદિરમાં પૂ. માનો જાહેર કાર્યક્રમ છે. એડમન્ટનના ઉત્તર–પશ્ચિમ વિભાગમાં આવેલું પ્રથમ હિંદુમંદિર છે. પાંચસોથી પણ વધુ દર્શનાર્થીઓ કાર્યક્રમમાં સમયસર પધારે છે. હોલ ભરાઇ જાય છે અને સંપૂર્ણ શાંતિ છવાય છે. બરાબર પાંચ વાગે મંત્રોચ્ચારથી કાર્યક્રમ શરૂ થાય છે. સૌને પૂ. શ્રી અને પૂ. માના આધ્યાત્મિક જીવનનો પરિચય મળે તે માટે પૂ. શ્રી અને પૂ. માની બાવની સૌ સમૂહમાં ગાય છે. એડમન્ટનના સત્સંગીઓને વિનંતિ કરતાં તેઓ સુંદર ભજનો અને ધૂનો ગાય છે. ધૂપ, દીપ અને ભજનો તથા ભક્તિભાવના પવિત્ર વાતાવરણથી સૌ આત્માનંદનો અનુભવ કરતા જણાય છે.

પૂ. મા, પૂ. શ્રીના સ્વરૂપ સાથે બરોબર ૫–૩૦ વાગે મંદિરમાં



પધારે છે. મંદિરના મુખ્યદ્વારે પૂ. માનું સ્વાગત થાય છે. વ્યાસપીઠ ઉપર બીરાજેલાં પૂ. માનું મંદિરના પૂજારી શ્રી શિવશંકરભાઇ દ્વિવેદી તિલક, પુષ્પહારથી અભિવાદન કરે છે. જુદી જુદી સંસ્થાઓના હોદ્દેદારો પણ પૂ. માનું પુષ્પહારથી સ્વાગત કરે છે. પૂ. મા મૌન ગ્રહણ કરી, મંત્રજપ કરતાં પ્રસન્નતાથી બિરાજેલાં સૌને જણાય છે.

પૂજારીશ્રી પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવે છે કે, (પ્રવચન હિન્દીમાં થાય છે).

"આપણા પુણ્યોનો ઉદય થયો હોય ત્યારે જ પૂ. મા સર્વેશ્વરી જેવા સંતો આપણે આંગણે પધારે છે, અને દર્શનનો લાભ આપે છે. તેઓ સૌને જણાવે છે કે દર્શનના અને પૂ. માના દિવ્ય સાન્નિધ્યના સમય દરમ્યાન મનમાંથી બધા જ વિચારો, વિકારો, દુર્વૃત્તિઓને દૂર કરવા પ્રયત્ન કરો અને મન અંતરને વિશુદ્ધભાવોથી ભરી દો કારણ આવો દર્શનનો દુર્લભ લાભ વારંવાર પ્રાપ્ત થતો નથી."

સૌ મંત્રગાનનો આનંદ પણ માણે છે. અને ત્યારબાદ ઓટાવાથી આવેલ ક્ષિપ્રાબેન અમીન ભરતનાટ્યમ્ નૃત્ય પ્રસ્તુત કરે છે. અનીતાબેન પટેલ યશોમતી મૈયાસે બોલે નંદલાલા, રાધા ક્યું ગોરી, મૈં ક્યું કાલા, નૃત્ય કરે છે. વેશભૂષા, નૃત્યકલા અને મુખ ઉપરના હાવભાવ સૌને આનંદ આપે છે. હવે એડમન્ટનના વાસંતીબેનના દિગ્દર્શન હેઠળ ભૂલકાઓ "આવો આવો પધારો મારે આંગણીએ મોંઘા મહેમાન"–સ્વાગતગીત ગાય છે અને બાળાઓ, "આજની ઘડી રળીયામણી"નું સમૂહનૃત્ય કરે છે. પૂ. મા પ્રસન્નતા પામતા બાળકો અને બાલિકાઓને પુષ્પો અને પુષ્પહારથી નવાજે છે.

ત્યારબાદ કાર્યક્રમના સંચાલક શ્રી સુરેશભાઈ શાહ પૂ. શ્રી અને પૂ. માના હિન્દીમાં, આધ્યાત્મિક જીવનનું શબ્દચિત્ર રજૂ કરે છે. પૂ. શ્રીના જન્મથી, હિમાલયની સાધના, વિદેશના પ્રવાસો, લેખન, પ્રવચનોનો ઉલ્લેખ થાય છે અને ૧૮ માર્ચ ૧૯૮૪ ના અંતિમ શબ્દોની સમજ અપાય છે. પૂ. માના સાધનાત્મક જીવન-ની, મૌનવ્રતો, ઉપવાસો, નિર્જળા ઉપવાસો, દૈનિક પ્રણામ, પ્રાર્થના તથા પૂ. શ્રી માટેની સંપૂર્ણ શરણાગતિનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. સૌને માહિતી રુચિકર લાગે છે અને પૂ. શ્રી અને પૂ. મા વિષે વધુ જાણવાની સૌને ઇચ્છા થાય છે.

શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, ટોરોન્ટોના યુવાન ભક્ત શ્રી યોગેશ લાડ પૂ. મા વિષે અંગ્રેજીમાં વાર્તાલાપ કરે છે, તેના વક્તવ્યમાં બાળકોને પૂ. મા કેમ વધુ ગમે છે, શા માટે પૂ. મા, માટે આકર્ષણ ધરાવે છે તથા તેના અંગત જીવનમાં પૂ. માએ કેવો ચમત્કારિક ફેરફાર કર્યો તેનો મુખ્યત્વે ઉલ્લેખ કરે છે.

અંતમાં પૂ. શ્રીની આરતી થાય છે અને ત્યારબાદ મંદિરમાં ગવાતી રોજની આરતી ૐ જય જગદીશ હરે, આરતી ગવાય છે. ઘંટનાદ, શંખધ્વનિ અને લય સાથે ગવાતી આરતી વાતાવરણને પવિત્રતાથી ભરી દે છે. પૂ. મા પણ આરતી દરમ્યાન સ્થિર, હાથ જોડી ઊભેલાં જણાય છે.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સૌ શાંતિ અને શિસ્ત જાળવે છે. પૂ. શ્રી અને પૂ. માનાં સ્વરૂપો, પૂ. શ્રીનાં પુસ્તકો અને પ્રવચનોની કેસેટોનું વેચાણ થાય છે સૌ તેનો લાભ લે છે. મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સૌના સહયોગ બદલ આભાર-ની લાગણી વ્યક્ત થાય છે. સૌની આભારવિધિ સાથે કાર્યક્રમ સમાપ્ત થાય છે. □



## * હું મુસાફિર *

હું મુસાફિર ખલ્કનો ચાલ્યા કરું છું,
કૈં કૈં અનુભવ ઝોળીમાં ઘાલ્યા કરું છું.
ચાલતાં બાંધું છું રસ્તા નવનવા,
એ જ રસ્તા લાગતા કૈં અવનવા!
ઝોળીનો જે માલ, લૂંટાવ્યે જતો,
આપી આપી ને હું તો તગડો થતો.
આપણું શું? દાન, દાતા આપણે,
દેનાર ને લેનારમાં છે ભેદ કોને?
આ તો બધું વાવીને લણવાનું અહીં,
બાવળના બાવળ, કેરીની કેરી સહી.
અભ્ર આભે ને ધરા શી ફલવતી!
કર્મના હિસાબમાં ના ભૂલ રતિ.
હું મુસાફિર ખલ્કનો ચાલ્યા કરું છું,
બી ખુદાઈનાં બધે બોયા કરું છું.
વાવશે તે ઉગશે, લણશેય તે,
ઋતનો આદિ નિયમ ટળશે કશે?
બી ભલાઈનાં બધે બોયા કરું છું,
હું મુસાફિર ખલ્કનો ચાલ્યા કરું છું.

— ડૉ. રણજિત પટેલ (અનામી)

## * માનવજીવન–પ્રભુની બક્ષીસ *

માનવજીવન વિભુતણી જો ઉત્તમ બક્ષીસ છે જાણો,
વિકાર સઘળા દૂર કરીને શુદ્ધ થઇને રે જીવો.
ચોર્યાસી લાખ અવતાર વટાવી રાજમાર્ગ જો આજ મળ્યો,
તેથી લક્ષ્ય ભૂલો જરા ના, સપનામાં ના ભરમાવો.
ભૂલી ગયા છો વિલાસમોહે લક્ષ્ય જીવનનું હાય જુઓ,
કહીં તમારી મંઝિલ છે ને કહીં તમે છો રે જાઓ.
ફસાઇ રહ્યો છે માનવ જગમાં પ્રલોભનોમાં આજ જુઓ,
ધનકીર્તિસત્તા લોલુપતા જૂઠ પ્રપંચે હાય જુઓ.
માનવજીવન શક્તિ સુંદર, અવસર અમુલખ એ જાણો,
ચેતના શક્તિ જોઇ જગાવો, યોગેશ્વર પંથે ચાલો.
પાંચ આવરણ દૂર કરીને સૂઇ રહો ના–તમ જાગો,
અખિલ વિશ્વની સમૃદ્ધિને ઘરઆંગણે તમ માણો.
આતમદેવને જાણો, પૂજો પ્રીછીને તમ આનંદો,
વિકાર સઘળા દૂર કરીને શુદ્ધિ કરી જીવન જીવો.
માનવ થઇને મૂલ્ય જીવનનું, પ્રીછ્યું ના–ત્તે પસ્તાયો,
અંતે એ તો વ્યથિત થયો છે–હાર જીવનની થઇ માનો.
છેવટ લક્ષ્ય પરિપૂર્ણ થવાનું, પંથ સોનેરી છે જાણો,
આખર લક્ષ્ય પ્રભુતાનું જાણો, દૈવી જીવનને પ્રમાણો.
આતમજ્ઞાન વિના અંધારું, થાયે શેં ઉદ્ધાર કહો,
વિકાર સઘળા દૂર કરીને દિવ્ય બની જીવન જીવો.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



# અનુભૂતિ

મહેન્દ્ર જ. દવે

અનુભૂતિનો સીધો સાદો અર્થ થાય–અનુભવ. અનુભવના પ્રકાર તો ઘણાય હોય છે પણ અનુભૂતિ તો આપણા આત્મા અને ચેતના સાથે સંકળાયેલી છે.

હમણા મારે ઓપરેશનનો યોગ હતો તે વખતે આત્માનુભૂતિ થયાનો પ્રસંગ થયો. આમાંથી હું બહાર આવ્યો અને આ લેખ લખવાનો પ્રેરક થયો છું.

ગુરુ, અને ઈશ્વર–બંને, સાક્ષાત દર્શન થાય અને મુશ્કેલી-માંથી પસાર થઇ જવાનું બને છે. એનો આનંદ જેણે અનુભવ્યો હોય એને જ ખબર પડે. વેદાંતદર્શનમાં આનું વર્ણન સચોટ હોય છે. અલૌકિક આનંદ મન, શરીર અને આત્મા અનુભવે છે. ગુરુ જ્યારે શિક્ષણ આપે છે. ત્યારે આવા કથાનકો કરે છે અને બધાને રસતરબોળ કરે છે.

અનુભૂતિ ખાલી ભૌતિક દુનિયાની નથી. એ આધિભૌતિક છે. એટલે કે પૃથ્વીથી પરની છે.

એટલે જ કહેવાયું છે કે–

गुरोस्तु मौन व्याख्यानं, शिष्यास्तु छिन्न संशयाः ॥

શિષ્ય ગુરુનો સંબંધ એવી ઉચ્ચ કક્ષાએ પહોંચે છે.

ગુરુને વાણીદ્વારા કાંઇ કહેવાનું હોતું નથી. શિષ્યને કોઇ સંશય હોતો નથી. ગુરુનું મૌન એ જ વ્યાખ્યાન હોય છે. શિષ્યને

કોઇ સંશય હોય તો તે ગુરુના મૌનદ્વારા દૂર થઇ જાય છે. વાર્તાલાપની જરૂર નથી. મૌનદ્વારા જ પ્રશ્નોના ઉત્તર મળી જાય છે.

શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્રમાં ધ્યાનમ્‌માં ત્રીજા શ્લોકમાં ઉપર જણાવ્યા પ્રમાણે ઉલ્લેખ છે. યુવાન ગુરુજી અને વૃદ્ધ શિષ્યો વચ્ચેનો સંવાદ આ સ્તોત્રમાં છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે શિષ્યે પ્રથમ તો ગુરુનો પ્રેમ સંપાદન કરવો જોઇએ. આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. શ્રીદક્ષિણામૂર્તિ ભગવાન આર્ષવિદ્યાના મુખ્ય દેવતા છે. ગુરુઓના પણ ગુરુ છે. આપણા ભારતના તત્ત્વજ્ઞાનના એ અધિષ્ઠાતા દેવતા છે.

એમની મારફત વિદ્યા મેળવી શિષ્ય સાધક બનીને અનુભૂતિ પામી શકે છે. આ વાત કાંઇ સામાન્ય નથી. કોઇ પણ રસની અનુભૂતિ પામવી હોય તો ઊંડા ઉતરવું પડે છે. તેની પ્રાપ્તિ તો જ થાય છે.

આત્માનુભૂતિ પ્રાપ્ત કરવા ગુરુને શરણે જવું પડે છે. ગુરુ તેમના શિષ્યને ગ્રહણ કરે છે. સૌને આ અનુભૂતિ ફળો એવી પ્રાર્થના છે.



# પ્રેરકપત્ર

શ્રીમતી ધીરજબેન નાણાવટી, અમેરિકા

[નોંધ : શ્રી ધીરજબેન નાણાવટી અમેરિકામાં વરસોથી વસે છે. તેઓ તેમ જ તેમના પતિ પરદેશમાં વસવા છતા ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાંના ઉપાસક રહેવાના લીધે, ઘણા બધા સંતોને મળવાનું સદ્‌ભાગ્ય તેમને મળેલું છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પરિચયમાં તેઓ છેલ્લા બેત્રણ વર્ષથી જ આવ્યાં છે. છતાં પૂ. માનો પરિચય તેઓને જાણે ઘણાં બધાં વર્ષોથી હોય અને પૂ. મા જાણે સ્વયં જગદંબા જ છે. એવો દૃઢ પ્રતીતિજન્ય ભાવ તેઓના આ પત્રમાં વ્યક્ત થતો જણાય છે. એવો ભાવ ઘણા બધા ભક્તોના હૃદયમાં પણ જાગતો જોવા મળેલ છે. કિન્તુ તેની અભિવ્યક્તિ તેમની પાસે નથી. તે સર્વેને શ્રી ધીરજબેનના આ પત્રમાં પોતાની તે અભિવ્યક્તિ થયેલી જોઇને જરૂર આનંદ થશે. એથી અધ્યાત્મમાં તેને સહર્ષ રજૂ કરેલ છે. —તંત્રી]

૧૧–૧૧–૯૭
ન્યુજર્સી

શ્રી શ્રી મા ભગવતી સ્વરૂપીણી, સર્વેશ્વરીનાં ચરણકમલોમાં કોટી કોટી પ્રણામ. "જે દેવી બધાં જીવોમાં માતારૂપેથી છે સ્થિત, નમું તેને નમું તેને, વારંવાર નમું નમું. સર્વેશ્વરી મહાદેવી, સર્વલોક નિવાસીની નમું તેને, નમું તેને વારંવાર નમું નમું." હાલમાં તો "ભગવતી ગંગે"ને નમન અમારાં. પોતે જ પોતાની પૂજા કરે, જાપ કરે, આ કઇ જાતની લીલા રમાઇ રહી છે! બહુરૂપીણી મહામાયા જેટલું ન કરે તેટલું ઓછું ખરુંને? તમારી માયાને કોણ પામી શકે? ભલે પામી ન શકીએ પણ માણી તો

શકીએ છીએ. જેટલી રમાય તેટલી રમતો રમો, ભલે અમે હારીએ પણ હારમાં પણ જીત તો અમારી જ થશે. માને તો બાળને રમાડવાનું બહુ ગમે, પણ બાળ જ્યારે આક્રંદ કરે ત્યારે તો દોડીને આવવું જ પડે. આગલા પત્રમાં લખ્યું હતું તેમ મારે તો ગોપી પણ નથી થવું ને કૃષ્ણ પણ નથી જોઇતા. અમને તો અમારી વ્હાલસોઇ માતા જ જોઇએ છે. એ કપટી કૃષ્ણ તો વારંવાર છૂપાઇ જાય, ભાગી જાય ને ભક્તોને ટટળાવે. ચાલો હવે આ બધી વાતોમાં મુખ્ય વાત તો રહી જાય છે.

અમારી દિવ્ય માને પૃથ્વી પર અવતર્યાને નવેમ્બરમાં કેટલાં વર્ષ થશે? જન્મદિન તો આવે ને જાય તેને સમયના માપદંડથી કંઇ થોડા માપી શકાય છે? આવા તો કેટલાંયે અવતારો થયા તે તો રામ જાણે. પણ અમારી ઇચ્છા તો એવી કે, "મા વારંવાર અમને સાથે લઇને જ અવતરે ને જ્યાં જાય ત્યાં સાથે ને સાથે જ રાખે, પછી ભલે પૃથ્વી હોય કે પાતાળ, સ્વર્ગ હોય કે બીજાં બ્રહ્માંડો હોય, આ અવિરત યાત્રામાં ક્યારેક અમારો હાથ ન છોડે, ક્યારેય તેમની માયાજાળમાં ન ફસાવે, જુગ જુગ તેમની અસીમ કૃપાના કિરણોમાં અમને નહવડાવે." અમારી મા તો "એવું રે તપી રે એવું રે તપી કે જેવાં તપ રે તપ્યાં તા પારવતી સતી." લોકકલ્યાણ કાજે તપ્યાં જ કરે છે. નથી ખાવાની ફૂરસદ, નથી પીવાની ફૂરસદ. નથી સૂવાની ફૂરસદ કે નથી દર્શન આપવાની ફૂરસદ. ક્યાં ખોવાઇ ગઇ છે મારી મા? સાંભળ્યું હતું ખરું? "હાથ મારો મૂકશો મા, હાથ મારો મૂકશો માં," આ બાળનો સાદ સૂણીને ક્યારેક તો દર્શન દેજો, જે સ્વરૂપે દર્શન દેવાં હોય તેવાં દેજો પણ સાથે સાથે તમે જ એ સ્વરૂપમાં છો એની ખાત્રી પણ કરાવજો. માનસિક રીતે તમારી હાજરી ઘણી વાર અનુભવાય છે ખરી, પણ એ માત્ર અમારો ભ્રમ તો નથીને? હમણાં જ સ્વપ્નામાં કહી ગયાં, કે પત્ર ૬ તારીખે મળશે. ખરેખર સાચી વાત છે.



અત્યાર સુધીમાં બે પત્રો લખ્યા પણ વડોદરા સુધી પહોંચ્યા કે કેમ તે જ ખબર નથી પડતી. અને આપ તો ગંગાકિનારે આરામ-થી પોતાની મસ્તીમાં ઝૂમો છો. હવે આ ધરતીપર પાછા આવો, આમ શિવની જટા છોડીને આ પૃથ્વીને પાવન કરો, અમારી તૃષા છીપાવો. ભગીરથ યોગેશ્વરે કંઇ એમ ને એમ તપ નહોતું કર્યું. આમ વારંવાર ઉચ્ચ સ્તરે જઇને બેસી જાઓ તે ન ચાલે. "આનંદમયી, ચૈતન્યમયી, સત્યમયી પધારજો." અમને પણ આનંદ-માં ડૂબાડી દો. "મેરે મનકે અંધ તમસેમેં જ્યોતિર્મયી વિચરો, જય જય મા, જય મા." આ પ્રાર્થના સંભળાય છે ખરી? માંગી માંગીને શું માંગીએ છીએ? આટલો બધો વિલંબ થાય છે. આટલી શક્તિશાળી મા શું ન આપી શકે? ત્યાં બેઠાં બેઠાં જો પ્રેમપોકારો સંભળાતા હોય તો કંઇક એંધાણી આપો. દૈવી દર્શન અર્પો અમને, કરો જીંદગી ન્યારી." અમે તો માંગતા ધરાતાં જ નથી, અને તમારે પણ આપતાં ધરાવાનું નથી. તમારાપ્રેમની અમીરસધારા અવિરત વહ્યાં જ કરે, ને એમાં સ્નાન કરીને અમે આનંદવિભોર થઇ જઇએ એ જ આશા. ભલે અમારી પાત્રતા હોય કે ન હોય, ભલે અમારી સાધના પૂર્ણ હોય કે અપૂર્ણ હોય, પણ માતો સમાનભાવે જ સહુને જુએ. બોલો, હજુ વધુ સાંભળવું છે? કે હવે આ લવારો બંધ કરું? નવાં વર્ષે બીજું શું ચાહું? એક ચાહવા લાયક "મા" જ છે. તેને છોડીને ક્યાં જવું? માટે જરા બરફમાંથી પીગળીને પવિત્ર જળરૂપે પાન કરાવો, "આવો, આવો આવો" બસ એક જ પ્રાર્થના, વિનંતિ, માગણી. અમારું ભિક્ષાપાત્ર ભરી દો, એવું ભરો કે કદીએ ખાલી ન થાય, બસ ત્યારે આ સાથે એક લેખ ને બે પત્ર બિડયાં છે. જન્મદિવસ નિમિત્તે "ઝગમગતી જ્યોતિ સ્વરૂપે જીવનમાં પ્રકાશ ફેલાવો." એ જ શુભેચ્છા.

**લિ. તમારી દીકરીના પ્રણામ**

પોલ બ્રન્ટનની

# મહર્ષિ સાથેની મુલાકાત

મૂળ લેખક : પોલ બ્રન્ટન

(નવેમ્બર–'૯૭ થી ચાલુ) અનુવાદ : યોગેશ્વર

એ પછીના દિવસોમાં મેં મહર્ષિના નજદીકના સંપર્કમાં આવવાનો પ્રયત્ન કરી જોયો, પણ મને સફળતા ન મળી. એ નિષ્ફળતાનાં કારણો ત્રણ હતાં. પહેલું કારણ એમનો પોતાનો એકાંત સ્વભાવ, દલીલો તથા ચર્ચાને માટેના એમનો દેખીતો અણગમો, અને બીજાની માન્યતા તેમ જ બીજાના અભિપ્રાયો તરફની એમની ઘોર ઉદાસીનતા હતાં. એ સંપૂર્ણપણે દેખાઈ આવતું હતું, કે મહર્ષિ કોઈને પોતાના મતમાં પલટાવવા નહોતા માગતા, અને એમના અનુયાયી તરીકે એક પણ માણસનો ઉમેરો કરવાની ઈચ્છા નહોતા રાખતા.

બીજું કારણ જો કે વિચિત્ર હતું છતાં એનો ઈનકાર કરી શકાય તેમ નહોતો. પેલા વિશેષ સ્વપ્નવાળી સાંજ પછીથી એમની પાસે હું જ્યારે જ્યારે જતો ત્યારે એમની હાજરીમાં એક પ્રકારના ઊંડા આદરભાવનો અનુભવ કરતો. બીજી રીતે જે પ્રશ્નો મેં સામાન્ય વાતચીત જેમ પૂછ્યા હોત તે મારા હોઠની પાછળ જ શાંત થઈ ગયા. કારણ કે સામાન્ય માનવતાને સંબંધ છે ત્યાં સુધી, એમને પોતાના બરાબરિયા માનીને વાત કરવામાં તથા એમની સાથે દલીલમાં ઊતરવામાં જાણે કે કોઈ અપરાધ થાય છે એવું લાગી આવતું.



મારી નિષ્ફળતાનું ત્રીજું કારણ ઘણું સાદું હતું. હોલમાં લગભગ બધે જ વખતે થોડાક બીજા લોકો રહેતા હોવાથી, એમની હાજરીમાં મારા અંગત વિચારો રજૂ કરવાનું કામ મને કઠિન લાગતું. આખરે તો એમને માટે હું એક અજાણ્યો અને પરદેશી માણસ હતો. એમનામાંના કેટલાકની ભાષા કરતાં હું જુદી ભાષા બોલતો હતો એ હકીકત ઓછા મહત્ત્વની હતી. પરંતુ હું ધાર્મિક લાગણીથી દોરવાઈ ગયા વગરનો શંકાવાદી ને દોષદર્શી દૃષ્ટિકોણ ધરાવતો એ હકીકત જ્યારે એ દૃષ્ટિકોણને વાણીમાં રજૂ કરવાનો પ્રયાસ કરતો ત્યારે વધારે મહત્ત્વની બની જતી. એમની પવિત્ર સૂક્ષ્મ લાગણીઓને દુઃખવવાની ઈચ્છા મારામાં જરા પણ નહોતી, પરંતુ મને એકદમ ઓછી અસર કરનારી ઢબ મુજબ વિષયોની ચર્ચા કરવાની કામના પણ મને નહોતી. એથી, કાંઈક અંશે, એ વસ્તુએ મને મૂંગો બનાવી દીધો.

એ ત્રણે અંતરાયોમાંથી કરવાનું કામ કાંઈ સહેલું નહોતું. કેટલીક વાર હું મહર્ષિને પ્રશ્ન પૂછવાની તૈયારી કરતો. પણ એ ત્રણ મુદ્દાઓમાં કોઈ પણ એક મુદ્દો આગળ આવતો ને મને નિષ્ફળતા મળતી.

મારા ધાર્યા પ્રમાણેનું અઠવાડિયું ક્યાંક પસાર થઈ ગયું ને મેં મારો મુકામ એક અઠવાડિયું વધારે લંબાવ્યો. મહર્ષિ સાથે વાર્તાલાપ કહી શકાય એવો મારો પહેલો વાર્તાલાપ છેલ્લો થઈ પડયો. એકાદ બે ઉપલક અને પરંપરાગત વાતોથી આગળ વધીને મારાથી એમની સાથે વિશેષ ચર્ચામાં ન ઊતરી શકાયું.

અઠવાડિયું પૂરું થયું ને ફરી પાછું મેં એક પખવાડિયું લંબાવ્યું. રોજ રોજ એ સંતના માનસિક વાતાવરણની સુંદર

શાંતિનો અને એમની આજુબાજુની હવામાં ફેલાયેલી નિર્મળતાનો અનુભવ મને થયા કરતો હતો.

મારી મુલાકાતનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો છતાં મારાથી એમની પાસે ન પહોંચી શકાયું. મારો નિવાસ ઉત્તમ ભાવો અને મહર્ષિ સાથે કોઈ વ્યક્તિગત સંપર્ક સ્થાપવાની કરુણાજનક નિષ્ફળતાઓના વિચિત્ર સંમિશ્રણરૂપ હતો. હૉલની ચારે તરફ જોઈને મેં નિરાશાની થોડી લાગણી અનુભવી. બહારથી તથા અંદરથી એમ બંને રીતે, ત્યાંના મોટાભાગનાં માણસો જુદી ભાષા બોલતાં હતાં. પછી એમની પાસે પહોંચવાની આશા મારાથી કેવી રીતે રાખી શકાય? મેં મહર્ષિની પોતાની તરફ જોવા માંડયું, અત્યંત ઊંચી અવસ્થા પર આરૂઢ થઈને એ તદ્દન અલગ હોય તેમ, જીવનના નાટકને જોઈ રહ્યા હતા. એમનામાં કોઈક એવી ગૂઢ સંપત્તિ જરૂર હતી જે મારા પરિચયમાં આવેલા બીજા બધાથી એમને છૂટા પાડતી. મને કોણ જાણે કેમ પણ એવું લાગવા માંડયું કે જેટલા પ્રમાણમાં એ કુદરતના તેમ જ આશ્રમની પાછળ ઉપર ઊઠતા એકાકી પર્વતશિખરના, દૂરના જંગલો સુધી પહોંચતી અરણ્યની કાચી કેડીના, અને બધે વિસ્તરેલા અગાધ આકાશના છે, તેટલા પ્રમાણમાં આપણા અથવા મનુષ્યજાતિના નથી.

એકાંત અરુણાચલના પથ્થરી, અચળ લક્ષણમાંથી કાંઈક મહર્ષિમાં દાખલ થયું હતું. મને જાણવા મળેલું કે લાગલાગટ ત્રીસ વરસ એમણે એ જ પર્વત પર પસાર કર્યાં છે, અને એકાદ નાનીસરખી સફર માટે પણ એને છોડવાની ઈચ્છા એ નથી રાખતા. એટલો બધો નજદીકનો સહવાસ માણસના ચારિત્ર્ય પર



પોતાની અસર અચૂકપણે પાડયા વિના ન જ રહે. મને ખબર હતી કે એ પર્વત માટે એમને પ્રેમ છે, કારણ કે પોતાના પ્રેમને પ્રદર્શિત કરવા માટે એમણે લખેલી સુંદર છતાં કરુણ કવિતાની કેટલીક કડીઓનો કોઈએ અનુવાદ પણ કર્યો હતો. જેવી રીતે એ એકાંત પર્વત જંગલમાં ઉપર ઊઠીને પોતાનું ઉન્નત મસ્તક આકાશ તરફ લંબાવતો હતો, તેવી રીતે સામાન્ય માનવતાના અરણ્યમાંથી ઉપર ઊઠીને એ અસાધારણ માનવે પોતાનું મસ્તક એકાકી વૈભવમાં અથવા અલૌકિકતામાં ઉપર ઊઠાવ્યું હતું, જેવી રીતે પવિત્ર અરુણાચલ પર્વત એકલો અને સમસ્ત પ્રદેશને વીંટી વળતી બીજી નાનીમોટી ગિરિમાળાથી અલગ તરી આવતો, તેવી રીતે વરસોથી પ્રેમ રાખતા ને પાસે રહેતા ભક્તજનોથી વીંટળાયેલા રહેવા છતાં પણ, મહર્ષિ રહસ્યમય રીતે અલગ જ તરી આવતા હતા. કુદરતનો જડ, સૂક્ષ્મ, એ પવિત્ર પર્વતના રૂપમાં વિશેષ રીતે મૂર્ત થયેલો ગુણ ગમે તે રીતે એમની અંદર ઊતરી આવેલો લાગતો હતો. એમના બીજા કમજોર સાથીઓથી એ એમને કદાચ કાયમને માટે જુદા પાડતો. કેટલીક વાર મને એવું થઈ આવતું કે એ થોડાક વધારે માનવીય બનશે, અથવા તો આપણને સામાન્ય લાગતી પરંતુ એમની હાજરીમાં મામૂલી નિષ્ફળતાને વરતી વાતોનો અનુભવ થોડી વધારે સારી રીતે કરી શકશે. છતાં સામાન્ય અનુભવ કરતાં કોઈ ઉત્તમ અનુભવની પ્રાપ્તિ જો એમણે ખરેખર કરી લીધી હોય તો, મનુષ્ય તરીકેની ભૂમિકાથી ઉપર ઊઠયા વિના, અથવા એમની પશ્ચાત જાતિને કાયમ માટે પાછળ મૂકીને આગળ વધ્યા વિના, એ કેવી રીતે શક્ય બની શકે? એમના અસાધારણ દૃષ્ટિપાતથી મારામાં એક જાતની વિશેષ અને સતત આશા ઉત્પન્ન થયા કરતી કે એમના તરફથી

વહેલી તકે કોઈક આશ્ચર્યકારક વસ્તુની અભિવ્યક્તિ કરવામાં આવશે. એમ કેમ થતું હતું.

છતાં ત્યાં પ્રસરેલી પ્રત્યક્ષ શાંતિના અનુભવના ભાવ તથા મારા સ્મરણપટ પરના પેલા સ્વપ્ન સિવાય બીજી કોઈ મૌખિક અથવા બીજી જાતની વસ્તુ મારી આગળ પ્રકટ કરવામાં નહોતી આવી. વખતના વીતવાની સાથે મને થોડીઘણી હતાશા થઈ. લગભગ પખવાડિયું પૂરું થયું છતાં ફક્ત એક જ વાર વાત થઈ શકી તેનો અર્થ કશો જ નહિ! મહર્ષિના ટૂંકા ને ઝડપી જવાબે પણ મને દૂર રાખવામાં ભાગ ભજવ્યો હતો. આવા વિચિત્ર સ્વાગતની આશા પણ મેં નહોતી રાખી, કારણ કે પેલા કાષાય વસ્ત્રધારી સાધુપુરુષે અહીં આવવા માટે મને જે ઊજળી મોટી લાલચો આપેલી તે હું હજી નહોતો ભૂલ્યો. મારે માટે નોંધપાત્ર વાત તો એ હતીકે મારા મગજમાં એક વિચાર ઘોળાયા કરતો હોવાથી, બીજા માણસોને બદલે મહર્ષિ પોતે મારે માટે પોતાનું મોઢું ઊઘાડે એવી મારી ઇચ્છા હતી. મારો એ વિચાર કોઈ સ-પ્રમાણ ચિંતનસામગ્રીને પરિણામે ઉત્પન્ન નહોતો થયો. એ તો પોતાની મેળે જ, કોઈ પણ પ્રકારની ઇચ્છા વિના જ પેદા થયેલો. એ પ્રબળ વિચારનો સાર એ હતો કે 'આ પુરુષે બધી સમશ્યાઓ-માંથી મુક્તિ મેળવી છે, અને એમને કોઈ પણ પ્રકારનું દુઃખ સ્પર્શી કરી શકે તેમ નથી.'

મારા પ્રશ્નો પૂછીને મહર્ષિને એમના ઉત્તર આપવા પ્રેરિત કરવા નવેસરથી પ્રયાસ કરવાનો મેં નિર્ણય કર્યો. હું એમના એક જૂના શિષ્ય પાસે જઈ પહોંચ્યો. એ બાજુની કુટિરમાં કશુંક કામ કરતા હતા. મારા પર એ પુષ્કળ પ્રેમ રાખતા હતા. એમને મેં



મહર્ષિ સાથે છેવટની વાતચીત કરવાની મારી ઇચ્છા નિખાલસપણે કહી બતાવી. મહર્ષિ સાથે કામ લેતાં મને ઘણો સંકોચ થાય છે એ પણ મેં કબૂલ કર્યું. શિષ્યે સહાનુભૂતિપૂર્વક સ્મિત કર્યું એ વિદાય થયા ને થોડીવારમાં જ સમાચાર સાથે પાછા ફર્યા કે મહર્ષિ રાજી-ખુશીથી મુલાકાત આપી શકશે.

મેં તરત જ હોલમાં જઈને કોચની પાસે આરામથી બેઠક લીધી. મહર્ષિએ તરત જ મોઢું ફેરવ્યું ને જાણે કે મારો પ્રસન્નતા-પૂર્વક સત્કાર કર્યો. મને સારું લાગ્યું ને મેં સીધા જ પ્રશ્ન પૂછવાનું ચાલું કર્યું,

'યોગીઓ કહે છે કે સત્યના સાક્ષાત્કારની ઇચ્છા હોય તો માણસે સંસારનો ત્યાગ કરીને એકાંત જંગલ કે પર્વતમાં જવું જોઈએ. અમારું જીવન એટલું બધું જુદું છે કે પશ્ચિમમાં અમે એવું ભાગ્યે જ કરી શકીએ. યોગીઓની વાત સાથે તમે મળતા થાઓ છો ખરા?'

મહર્ષિએ બાદશાહી મુખાકૃતિવાળા એક બ્રાહ્મણ શિષ્ય તરફ દૃષ્ટિ કરી. એણે એમના ઉત્તરનો મારી આગળ અનુવાદ કરી બતાવ્યો.

'કર્મમય જીવનનો ત્યાગ કરવા જેવો નથી. જો તમે રોજ એક કે બે કલાક ધ્યાન કરશો. તો તમારી ફરજો સારી રીતે બજાવી શકશો. જો ધ્યાન કરશો તો તેને લીધે તમારા મનમાં પેદા થયેલો પ્રવાહ કામ કરતી વખતે પણ ચાલુ રહેશે. એક જ વિચારને જાણે બે રીતે વ્યક્ત કરી શકાય છે. ધ્યાનમાં તમે જે માર્ગ ગ્રહણ કરશો તેનો તમારી પ્રવૃત્તિમાં પણ પડઘો પડશે.'

'એમ કરવાથી શું પરિણામ આવશે?'

'અભ્યાસ વધતો જશે તેમ તેમ મનુષ્યો, ઘટનાઓ અને પદાર્થો પ્રત્યેના તમારા વલણમાં ધીમે ધીમે ફેરફાર થતો જશે. તમારા ધ્યાનનો પ્રભાવ તમારાં કર્મો પર એની મેળે જ પડતો રહેશે.'

'તો પછી તમે યોગીઓની સાથે સંમત નથી થતા?' મેં એમનું ધ્યાન ખેંચ્યું.

પરંતુ મહર્ષિએ સીધો જવાબ ન આપ્યો.

'માણસે સંસારમાં બાંધનારી પોતાની વ્યક્તિગત સ્વાર્થવૃત્તિનો જ ત્યાગ કરવો જોઇએ. પોતાની જાતના અજ્ઞાનનો ત્યાગ કરવો એ જ સાચો ત્યાગ છે.'

'સંસારમાં પ્રવૃત્તિપરાયણ જીવન જીવતાં સ્વાર્થરહિત બનવાની શક્યતા કેવી રીતે છે?'

'કર્મ અને જ્ઞાન વચ્ચે ઘર્ષણ નથી માનવાનું.'

'એનો અર્થ એ કે તમે એવું માનો છો કે માણસ પોતાની પુરાણી ધંધાકીય પ્રવૃત્તિઓ કરવાની સાથે સાથે પ્રકાશની પ્રાપ્તિ કરી શકે?'

'શા માટે નહિ? પરંતુ એ પરિસ્થિતિમાં માણસને એવું નહિ લાગે કે એની પુરાણી પ્રકૃતિ કામ કરી રહી છે. કારણ કે માણસની મનોવૃત્તિ બદલાતી જઇને છેવટે શરીરથી પર પરમાત્મામાં કેન્દ્રિત થશે.'

'માણસ પ્રવૃત્તિપરાયણ હશે તો તેને માટે ધ્યાનનો સમય ઘણો ઓછો રહેશે.'

મારા શબ્દો સાંભળીને મહર્ષિ એવા જ શાંત રહ્યા.

(ક્રમશઃ)



# શ્રી સર્વેશ્વરીતીર્થનો ત્રીજો પાટોત્સવ

તંત્રી

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી રાજકોટ ખાતે જે. કે. પરિવાર તરફથી આયોજિત કરવામાં આવેલ શ્રી સર્વેશ્વરીતીર્થનો ત્રીજો પાટોત્સવ તા. ૨૮–૧૧–૯૭ ના રોજ સરસ રીતે ઉજવાયો. પ. પૂ. મા હાલ ભારતમાં હોવા છતાં પણ આ કાર્યક્રમમાં પોતે બીજાં રોકાણોને લીધે ઉપસ્થિત નહિ રહી શકે, તેવું પ્રથમથી જ જાહેર કરેલ. તેમ છતાં ૮૫૦ જેટલા સાધક ભાઈબહેનો આ ઉજવણીમાં જોડાયાં.

કાર્યક્રમનો પ્રારંભ સવારની પૂજા અને હવન શ્રી સ્નેહલ પુરોહિત અને શ્રી નવીનભાઇ દવેએ મંત્રોચ્ચાર વિધિથી કરાવેલ. આ કાર્યક્રમમાં ઘણા સાધકોએ જોડાઇ સારો લાભ લીધો હતો.

સવારના નાસ્તા પછી શ્રીમતી સુશીલાબેન ભક્તની પ્રાર્થના અને ભજનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પ્રારંભમાં શ્રીમતી જ્યોત્સનાબેન કલોલાના આકસ્મિક અવસાન નિમિત્તે બે મિનિટ મૌન જાળવવાનો પ્રસ્તાવ શ્રી રાજુભાઇ જાનીએ રજૂ કર્યો. તે પ્રમાણે સૌએ ખૂબ સરસ રીતે મૌન–પ્રાર્થનાદ્વારા શ્રી જ્યોત્સનાબેનને શ્રદ્ધાંજલિ અર્પી. આ ઉપરાંત શ્રી રાજુભાઇ જાનીએ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષે પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ વ્યક્ત કરેલ ઉચ્ચ દૈવી મંતવ્યોની યાદ તાજી કરાવી. કપૂરાના શ્રી સરોજબેને પણ એક સરસ ભજન ગાયું.

પ. પૂ. મહાત્મા શ્રી યોગશ્વરજીના ટેપ પ્રવચનનો પ્રારંભ તે

પછી થયો. કર્મયોગના તેઓના પ્રવચનમાં તેઓએ જણાવ્યું છે કે બધા યોગોમાં આ યોગ કંઇક અંશે ઉપેક્ષિત રહ્યો છે. તેમ જ તેને યોગ્ય રીતે સમજી તેનું આચરણ પણ થતું જોવામાં આવતું નથી. તેથી આધ્યાત્મિક પૂર્વભૂમિકા વિનાના કર્મઠ લોકોએ તેને ઘણું પ્રદૂષિત કર્યું છે. તેનો સાચો અર્થ એ છે કે માણસે પ્રવાહ પતિત કે લોકસંગ્રહાર્થે કર્મ કરતા રહેવું જોઇએ. કિન્તુ તેના ફળ ઉપર તેનો કોઇ અધિકાર નથી. જો આ રીતે કર્મો કરવામાં આવે તો તેનો સાચો લાભ જનતાને મળે અને કર્મ કરનાર વ્યક્તિ ખોટા અહંકારથી પીડાય નહિ.

પૂર્વના કર્માનુસાર શરીરને જન્મ મળે છે, પરંતુ એકવાર જન્મ મળ્યા પછી કોનો સંગ કરવો અને મનને ક્યાં રાખવું તે તો વ્યક્તિના પોતાના હાથમાં છે. તે બાબતમાં માણસ સ્વતંત્ર છે. આ વાત પણ તેઓશ્રીએ કહી.

સર્વેશ્વરી તીર્થમાં—મા શ્રી સર્વેશ્વરીના જીવન વિષે તેઓનાં પૂર્વાશ્રમનાં બેન શ્રીમતી સુશીલાબેને ઘણી રસપ્રદ વાતો રજૂ કરી. પૂ. મામાં બાળપણથી જ ત્યાગની વૃત્તિ હતી તેમ જ તેમની તે વખતની હઠ કે જીદ, પછીના સાધાનાત્મક જીવનમાં પ્રબળ સંકલ્પબળરૂપે પાંગરી ઊઠી. તેના પરિણામે તેઓ તીવ્રતમ સાધનાઓ કરી શક્યાં અને આજે સિદ્ધિના સર્વોત્તમ શિખરે આરૂઢ થઇ ગયાં.

પૂ. મામાં વિનોદવૃત્તિ પણ ખૂબ. તેઓને સરપ્રાઇઝ આપવાનું ખૂબ ગમે. પોતે જ્યારે અમેરિકા થોડા મહિનાઓ પહેલાં હતાં ત્યારે પોતાના પુત્ર તાપસને છેક અમેરિકા સુધી પહોંચ્યાની વાત પૂ. માએ કેવી સફાઇથી ગુપ્ત રાખી, તેની વિગતો શ્રી સુશીલાબેને રોચક ઢબે રજૂ કરી.



શ્રી ભોજાણીભાઇએ પોતાના ટૂંકા વક્તવ્યમાં જણાવ્યું કે, પૂ. માની કૃપા તો સરસ રીતે વરસી રહી છે, ફક્ત જરૂર છે આપણે તે કૃપા ઝીલવા માટે આપણી પાત્રતા કેળવવાની અને તે માટે મા પ્રત્યે અભિમુખ થવાની.

તે પછી પ્રશ્નોત્તરીમાં જિજ્ઞાસુઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના શ્રી નારાયણભાઇ જાનીએ પ્રત્યુત્તર ટૂંકાણમાં આપ્યા.

આજે પૂ. માનું વાવ ખાતે આપેલ ટેપ પ્રવચન પણ સાધકોએ સાંભળ્યું. પ્રવચનનો વિષય હતો પ્રાર્થના. પૂ. માએ પ્રાર્થનાની શક્તિનાં બે સરસ ઉદાહરણ આપ્યાં હતાં એક—બાબરે પોતાના પુત્ર હુમાયુ માટે કરેલ પ્રાર્થના અને બીજી માસ્માના યુવાન સાધક ડો. જયેશના જીવનમાં—પ્રાર્થનાદ્વારા પ્રાપ્ત થયેલ આરોગ્યની વાત જણાવી હતી.

કાર્યક્રમના અંતમાં શ્રી નારાયણભાઇ જાનીએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે પૂ. માએ અહીં એક શ્રદ્ધાની દીવડી—આ તીર્થની સ્થાપના કરી પ્રકટાવી છે. હવે પૂ. ગુરુદેવ અને પૂ. માના નામે સંપૂર્ણ ત્યાગ કરી પ્રભુપંથે આગળ વધવા માગતા યુવાન સાધકો માટે થોડાં સાધના કેન્દ્રો સ્થપાય તો તેનાથી તેવા સાધકોની પ્રગતિ ઝડપી બનશે, એટલું જ નહિ કિન્તુ પૂ. મા—પ્રભુનો આધ્યાત્મિક સંદેશો આમ લોકો સુધી પહોંચાડવામાં તેઓ જરૂરથી સહાયરૂપ થશે. આમાં કોને પ્રવેશ આપવો તે પૂ. મા જ નક્કી કરી શકે.

શ્રી રાજુભાઇ જાનીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સારી રીતે કર્યું અને વચ્ચે વચ્ચે પૂ. માની કૃપાથી અશક્ય લાગતી પરિસ્થિતિમાં કેવી સરસ રીતે માર્ગ નીકળે છે, તેનો પોતાનો જાત

અનુભવ વર્ણવ્યો હતો. કાર્યક્રમના અન્તે બધા જ સાધકો માટે ભોજનની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આગલા દિવસે બહારગામથી આવેલ સાધક ભાઈબહેનો માટે રાત્રે ભોજન અને ઉતારાની વ્યવસ્થા પણ હતી. તેમ જ રાતે ભજન અને ધૂનના કાર્યક્રમો પછી શ્રી મોહનભાઈ પટેલનું સાધનાત્મક અનુભૂતિઓ ઉપર પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. સાધકોએ તે સારી રીતે માણ્યું.

સંગમોમાં ગુપ્તરૂપે વહેતી સરસ્વતીની જેમ સમગ્ર કાર્યક્રમમાં શ્રી જે. કે.ના 'માવાળા' પરિવારની ગુપ્ત શ્રદ્ધાભક્તિ વહી રહેલી જણાતી હતી.

પૂ. માનો આ પ્રસંગે આવેલ ટિલેફોન

## સંદેશો

તા. ૨૮-૧૧-૯૭ ના તૃતીય પાટોત્સવ પ્રસંગે પૂ. માએ યાત્રામાંથી પાઠવેલો સંદેશો.

"મા અમારી સાથે છે પણ અમને તો તે દેખાતી નથી, પૂરી ઓળખાતી નથી. પણ જે મા જે. કે. પાસે છે તેમાં તમે ભળજો, તેને મળી લેજો, તેનામાં જે જે વિશેષતા છે તેને વાગોળજો. તે માતો તમને આંગળી પકડીને પ્રભુ પાસે લઈ જાય તેવી સમર્થ છે. તેને પરખજો અને વળગજો." મંદિર-માં જે છે તેમાં પ્રાણ પુરીને અમે તો ખાલી થઈ ગયા.

## યોગની સાધના

યોગની સાધના ધારવા જેટલી સહેલી નથી. આહાર-વિહારના કડક નિયમોનું પાલન કરવું પડે છે. વળી એ સાધનામાં જુવાનીની વધારે જરૂર પડે છે. સાધકે કેટલીક પ્રારંભિક તૈયારી પણ કરવાની રહે છે. તે ઉપરાંત, તેમાં યોગ્ય સદ્‌ગુરુ પણ જોઈએ. તેવા ગુરુ-ની મદદ વગર યોગની અટપટી સાધનામાં આગળ વધવું ખરેખર મુશ્કેલ લાગે છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઇંદિરાદેવી

(સપ્ટેમ્બર–'૯૭ ના અંકથી આગળ)

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડીયા કનૈયાલાલ

**આત્મનિર્ભરતા કરતાં ગુરુનિર્ભરતામાં વધારે સ્વતંત્રતા!**

શિષ્ય પોતાની અહંવૃત્તિને ભૂંસી નાંખી ગુરુને આત્મસમર્પણ કરવા તત્પર થઇ જાય છે, છતાં એમાં, લોકો જેને ગુલામી મનોદશા કહે છે, તેવું કશું નથી, કારણ ગુલામ તરીકે નહિ, પણ પ્રેમના સેવક તરીકે શિષ્ય ગુરુને પોતાનું સર્વસ્વ–મન–પ્રાણ આત્મા બધું સમર્પી દે છે. એ ગુરુની સેવા કરે છે, તે પ્રેમને લીધે, બીકને લીધે નહિ. એ ગુરુસેવા કરે છે, કારણ એ સેવામાં એને આનંદ આવે છે. નહિ કે એ સેવા કરવાનું એને માટે ફરજિયાત છે. ગુરુના પ્રેમથી એ જિતાયો છે, અને આત્મસમર્પણ કરી ગુરુ-હૃદયના આશીર્વાદ એ જીતે છે!

ગુરુચરણે ગાળેલાં વર્ષોનો જ્યારે ઇંદિરા વિચાર કરે છે ત્યારે ફરી ફરી એને લાગે છે કે હું કેવી બડભાગી છું! મને દિવ્ય પ્રેમની સુધાનો આસ્વાદ મળ્યો છે! મારા ગુરુની આંખોનું સ્વર્ગીય માધુર્ય મેં માણ્યું છે. એક વાર નહિ, પણ હજાર વાર શિષ્યના અપરાધો માફ કરી દે એવા મારા ગુરુ છે! એમના ચરણના એક સ્પર્શે મારા ચંચળ હૃદયમાં અનંત શાંતિ આણી છે, એમની એક દૃષ્ટિએ મારા આત્માની તમામ યાતનાઓનો નાશ કર્યો છે.

ગુરુની કૃપાથી હવે ઇંદિરાને પેલો સ્વર્ગીય સૂર સંભળાયો છે.



ભ્રમણાઓ અને ઇચ્છાઓના વમળમાં ફસાયેલા અને માર્ગભૂલ્યા જીવને બંસીનાદની પેઠે એ સૂરે મુક્ત કરી માર્ગે આણ્યો છે. ઇંદિરાને એના ગુરુ ઉપર અપાર પ્રેમ છે, અને એના ગુરુનો પ્રેમ કેવો છે એ કહું? એ પ્રેમ પહાડ જેવો અણનમ છે, પ્રભાતના મલય સમીર જેવો શાતાદાયક છે. હિમગિરિના હિમ જેવો નિર્મળ છે. માતાની ભુજાઓ જેવો સંરક્ષક છે, સૂર્યકિરણો જેવો નિઃસ્વાર્થી, વહેતા ઝરણાં જેવો કુદરતી અને ઈશ્વર જેવો સનાતન છે!

આજે ઇંદિરાને, અગાઉ કદી નહોતી એટલી ગુરુના સંરક્ષણની અને સહાયની જરૂર છે. એ પહેલી એમના ચરણમાં આવી ત્યારે હતી એના કરતાં આજે એ વધારે નિરાધાર છે. પહેલાં કરતાં આજે ગુરુના આધારની એને વધારે જરૂર છે. કારણ, તે વખતે એ પૂરું નહોતી સમજતી, પણ હવે બરાબર સમજે છે કે દુનિયામાં સૌથી મોટામાં મોટું વરદાન કોઇ હોય તો એ છે નિરાધાર બાળકની પેઠે ગુરુ પર સંપૂર્ણ નિર્ભર થઇ રહેવું તે. આ ગુરુ–નિર્ભરતામાં જે સ્વતંત્રતાનો આસ્વાદ મળે છે, તે ગમે તેટલો આત્મનિર્ભર રહેવામાં પણ નથી મળતો!

**આશ્રમ–જીવન**

આજે તો ટેકનોલોજી(યંત્રવિદ્યા)ને ઈશ્વરની પેઠે પૂજવામાં આવે છે. આપણા બધા પ્રયાસો, બધાં સાધનો અને બધી શક્તિઓ એ એક જ લક્ષ પાછળ ખર્ચાય છે. પણ આ બધામાં માણસનું સ્થાન ક્યાં? માણસનું શું? આ બધી ધાંધલમાં બાપડો માણસ ભૂલાઇ ગયો છે એવું નથી લાગતું? માણસની આંતરિક શક્તિઓનું શું હવે કાંઇ જ મૂલ્ય રહ્યું નથી? પોતાનો સ્વભાવ બદલવાની હવે શું એને જરૂર રહી નથી? કોઇ અચ્છો દાક્તર બને છે, ઇજનેર બને છે, વિજ્ઞાની બને છે, પણ એની અંદર વસતા

મનુષ્યનું શું? એ શું સારો મનુષ્ય બન્યો છે? એણે બાહ્ય દુનિયાઓ તો જીતી, પણ પોતાની જાતને એણે જીતી છે ખરી? પોતાની પ્રજાનો એ નેતા હશે, પણ એ પોતાના આવેશો, પોતાની ઈચ્છાઓ, પોતાની ક્ષુદ્રકતાઓ, પોતાનો ક્રોધ, પોતાનો લોભ, વગેરે પર કાબૂ મેળવી શક્યો છે ખરો? આ કામ શું વધારે અગત્યનું નથી? જો આજે આપણી પાસે ઈશ્વરથી બીનારા દયાળું, અને વિનમ્ર એવા નેતાઓ હોત તો આ દુનિયા આજે વધારે સારી શું ન હોત?

આટલા માટે આશ્રમોની જરૂર છે. જ્યારે બીજા બધા બીજાઓને સુધારવા પાછળ પડયા છે, ત્યારે આશ્રમ આપણી જાતને જ પહેલાં સુધારવાનું કહે છે.

અનાદિકાળથી ભારતમાં આશ્રમો અસ્તિત્વમાં રહ્યા છે. શ્રીકૃષ્ણે પોતે કેટલોક વખત આશ્રમમાં રહી ગુરુસેવા કરી હતી. આશ્રમ એ કોન્વેંટ કે મઠ નથી. એ આધ્યાત્મિકતાની સાથે સાથે સાંસ્કૃતિક સંસ્થા તો નથી જ.

ગુરુ કેટલાક શિષ્યનો સ્વીકાર કરે છે. એ શિષ્યો ગુરુની સાથે રહે છે. ગુરુની સેવા કરે છે અને ગુરુની સૂચના પ્રમાણે ચાલે છે. ગુરુ પર ભાવભક્તિ રાખી પ્રભુસમીપ પહોંચવાની તમન્ના સેવે છે. એમના શારીરિક અને આધ્યાત્મિક કલ્યાણની જવાબદારી ગુરુ પોતાના શિરે લે છે. કોઇ ખાનગી મિલ્કત કે ખાનગી સંબંધનું અહીં અસ્તિત્વ નથી. જે કંઇ છે તે બધું ગુરુનું છે, આશ્રમનું છે. દરેક માણસ અમુક કલાક કામ કરે છે અને એને એની જરૂરિયાત પોષવામાં આવે છે. કહેવો હોય તો આને આધ્યાત્મિક સમાજવાદ કહી શકાય. જેમાં ગુરુ અને શિષ્યો બધાયે ઈશ્વરચરણે સમર્પિત થઇ ચૂકેલા છે.



આધ્યાત્મિક જીવનમાં લોકશાહી નથી, કારણ દરેક શિષ્ય વિકાસના જુદા તબક્કા પર છે. એને પોતાના વિશિષ્ટ પ્રશ્નો છે. તેથી ગુરુને સૌ પર એકસરખો પ્રેમ હોવા છતાં એ પ્રેમ જુદી જુદી રીતે વ્યક્ત થાય છે. ગુરુ અને શિષ્યો વચ્ચેનો સંબંધ કુદરતી હોય છે, અને તે પૂર્વજન્મોના સંસ્કારોમાંથી જાગેલો હોય છે. આશ્રમમાં દરેક શિષ્યનું સ્થાન છે. શિષ્યે પોતાને માટે નિર્માણ થયેલો પાઠ સ્વીકારવાનો છે. ન સ્વીકારે તો એથી એને પોતાને જ અકારણ દુઃખી થવું પડે છે.

ગુરુ–શિષ્યનો સંબંધ એ કોઇ અદ્‌ભુત ચીજ છે. ભારતીય ગુરુ એ કંઇ સંસ્થાઓનો કે મઠનો વડો નથી. એ પોતે જ એક સંસ્થા છે. સંસ્થા કે મઠનું એવું હોય છે કે માણસે પહેલાં એમાં જવું પડે છે, અને ત્યાર પછી એના વડાનો પરિચય થાય છે, પરંતુ ગુરુની બાબતમાં એનાથી સાવ જુદું છે. માણસ ગુરુને લીધે જ ગુરુની પાસે જાય છે, અને ગુરુની સાથે રહે છે. એટલે ગુરુનો દેહવિલય થયા પછી, એક રીતે કહીએ તો આશ્રમનું અસ્તિત્વ રહેતું નથી. સગવડ ખાતર શિષ્યો આશ્રમના મકાનમાં રહે એ ભલે, પણ એથી વધારે કશું નહિ!

આશ્રમજીવનના ઘણા લાભ છે. સામાન્ય જીવનમાં આપણે આપમતલબી હોઇએ છીએ. આપણા અહંની પાછળ આખી દુનિયા ફરતી હોય છે. આપણા તમામ વિચારો, કાર્યો અને રસો ઈશ્વરમાં કેન્દ્રિત કરવાનું ખરેખર અઘરું હોય છે, પણ ગુરુ એ શક્ય બનાવે છે. કારણ કે, અહીં બધું ગુરુની આસપાસ કેન્દ્રિત થયેલું હોય છે. બધા જ શિષ્યો ગુરુભક્તિ અને સાધનાના સર્વ સામાન્ય બંધનથી બંધાયેલા હોય છે. તેથી સેવા અને સહકાર શક્ય બને છે.

ઇંદિરા જ્યારે પહેલી આશ્રમમાં આવી ત્યારે સાધકોને દુનિયાના તમામ ક્ષુલ્લક પ્રશ્નોથી પીડાતા જોઇ, વળી બહારની દુનિયા કરતાં વિશેષ પ્રમાણમાં પીડાતા જોઇ તેને બહુ નવાઇ લાગેલી. દુનિયાદારીમાં ડૂબેલા માણસોમાં જોવા મળે તેવા જ. દોષો, ઈર્ષ્યા, અસહિષ્ણુતા, ધર્માંધતા અને અસચ્ચાઇ સાધકોમાં પણ હતા. આથી તે અકળાઇ હતી, પણ પછી ગુરુએ એના અજ્ઞાનનો પડદો હટાવ્યો.

અત્યાર સુધી ઇંદિરા એમ સમજતી હતી કે હું સમ–સ્વભાવ ધરાવું છું. હું કદી મિજાજ ખોઉં નહિ, પરંતુ આશ્રમમાં થોડા મહિના રહ્યા પછી તેણે જોયું તો એ વાતવાતમાં ઉશ્કેરાઇ જતી, અને લાગણીથી એની નસો તંગ બની જતી. આ વિષે સ્વસ્થ-ચિત્તે જરીક વિચાર કરતાં હવે એને માલૂમ મડયું કે પોતે બહુ ગર્વિષ્ઠ બાઇ હતી, તેથી મિજાજ ખોવો પોતાને શોભે નહિ, મિજાજ ખોવો એ અશોભન છે. એટલા માટે એ અત્યાર સુધી પોતાના ઉશ્કેરાટને અંકુશમાં રાખતી હતી. એનો ગર્વ એને ગુસ્સો પ્રગટ કરતાં રોકતો હતો. પરંતુ હવે ગુરુની કૃપાથી એના અહંકાર ઉપર દબાણ આવતાં, આ બધું બહાર ઉપસી આવ્યું હતું, જેથી એનો ઇલાજ કરી શકાય.

પરિવર્તન સિદ્ધ કરવાના રસ્તાઓ તો ઘણા છે, પરંતુ ઇંદિરાને માત્ર એક જ રસ્તાની ખબર છે. એ રસ્તો એવો સરળ છે કે ભણેલાઓને એ સાવ બાલીશ પણ લાગે, પણ એ છે અસરકારક! એ છે પ્રેમનો માર્ગ. ઇંદિરાને એના ગુરુ પર પ્રેમ છે. પ્રેમનું એક સ્વાભાવિક લક્ષણ એ છે કે જેના પર પ્રેમ હોય તેને પ્રસન્ન કરવા એ મથે છે. ઇંદિરા જે કંઇ કહે, કરે કે વિચારે,



પણ પહેલો પ્રશ્ન આપોઆપ એના મનમાં ઊઠે છે તે એ છે કે, 'દાદા આ વિષે શું કહેશે?' (આધ્યાત્મિક માર્ગે આગળ વધતા જીવનમાં કેટલી સભાનતા! દરેક કાર્ય કરતા પહેલાં ચિંતન થાય કે, 'મારા ગુરુને આ ગમશે કે નહિ! કેવી અદ્‌ભુત ગુરુ પ્રત્યેની નિષ્ઠા.)

કચરાનો નાશ કરવો હોય તો અગ્નિ જોઇએ. શિષ્યનો અગ્નિ એ આ પ્રેમ છે. જ્યારે એ અગ્નિ બહાર પ્રજ્વળી ઊઠે છે ત્યારે એ બધું સ્વાહા કરી જાય છે. તમામ અશુદ્ધિઓ, તમામ કચરો બળી જાય છે, અને એનું અગ્નિમાં રૂપાન્તર થઇ જાય છે. પરંતુ જો અગ્નિ જોરદાર ન હોય, તો એમાં નાંખેલું કશું બળી જતું નથી. એ થોડું બળે છે અને એનો આકાર બદલાય છે, પછી એ ખૂબ કઢંગુ લાગે છે. એમાંથી ખરાબ વાસ આવે છે, અને ધૂમાડોયે ઘણો થાય છે. આવી રીતે વાસનાનું જ્યારે રૂપાન્તર થાય ત્યારે તે ઈર્ષ્યા, પરિગ્રહ, ક્રોધ, લોભ, ધિક્કાર વગેરે રૂપે પ્રગટ થાય છે.

ઈર્ષ્યા અને અકૃતજ્ઞતા આ દુર્ગુણો માણસના બંધારણમાં ઊંડા ઊતરી ગયેલા છે. ઘણું કરીને દરેક સાધકમાં તમને ઈર્ષ્યાની અસર દેખાશે. ખરેખર તો એ એવી નાચીજ ચીજ છે કે આપણી અંદર એને જોઇને આપણને ખૂબ શરમાવા જેવું લાગવું જોઇએ. ઇંદિરા હમેશાં સાધકોને કહે છે કે, 'અમુક માણસ અહીં ન હોત તો મારામાં કદી ઈર્ષ્યા ન જાગત એમ કહેવાનો કંઇ અર્થ નથી. એ માણસ ન હોત તો તમને બીજા પર ઈર્ષ્યા થાત, બીજો ન હોત તો ત્રીજા પર થાત, ચોથા પર થાત, અને છેલ્લામાં છેલ્લા માણસ પર પણ તમને ઈર્ષ્યા થાત અને એ છેલ્લો માણસ ચાલી

જતાં તમને મરેલાં પર ઈર્ષ્યા થાત! માટે એનાથી ચેતીને ચાલો! એનો બચાવ કરવાનો કદી પ્રયત્ન ન કરો. નિર્દય બનીને એનો સામનો કરો, અને વધીને એનું જંગલ બની જાય એ પહેલાં જ એને મૂળમાંથી ઉખેડી કાઢો! નહિ તો તમે એ જંગલમાં એવા અટવાઈ જશો કે પ્રભુ સમીપ પહોંચી નહિ શકો. કોઈ પણ ખોટા પગલાનો જો મક્કમતાથી પ્રતિકાર કરવામાં આવે તો વખત જતાં એ દૂર થાય છે. એવું ન થતું હોત તો બધા હારી ગયા હોત!

(ક્રમશઃ)


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯




# આધ્યાત્મિક જીવનના નિયમો

યશસ્વીભાઈ મહેતા

સ્વામી યતીશ્વરાનંદ

* આપણે તત્કાલ જેને સત્ય માની લઈએ છીએ તે આપણા સમગ્ર વ્યક્તિગત, વિચારો, લાગણીઓ અને કાર્યોને પ્રભાવિત કરે છે.

* પરમ સત્યનો આપણો ખ્યાલ આપણી પોતાની જાત પ્રત્યેના ખ્યાલ ઉપર આધારિત હોય છે. એટલે કે આપણી ચેતનાના વિકાસ અનુસાર ઈશ્વર વિષેના આપણા ખ્યાલનો ય વિકાસ થતો રહે છે.

* મનુષ્યની જાગૃતિ એટલે મનુષ્યની ચેતનાનું ઊર્ધ્વીકરણ એટલે કે મનુષ્યની ચેતનાનું નીચેના કેન્દ્રથી ઉર્ધ્વકેન્દ્રો પ્રતિ ગતિ.

* નૈતિક સદાચરણથી ભિન્ન ને સ્વતંત્ર હોવા, છતાં આધ્યાત્મિક સાધના માટે તે પવિત્રતા અનિવાર્ય છે. ધ્યાનયોગની સાધના પૂર્વે, સાધનાકાળ દરમ્યાન ને તે પછી જો મનની પવિત્રતા ને ચિત્તવૃત્તિઓની શુદ્ધિ થઈ ન હોય તો સાધકનું પતન થવાનો પૂરો સંભવ છે.

* પ્રત્યેક સાધકે પ્રથમ સમજી લેવું ઘટે કે તે ક્યાં છે અને તેણે સાધનાનો પ્રારંભ ત્યાંથી જ કરવાનો છે. તેના જીવનના પ્રારંભકાળમાં તેને મળતા સંરક્ષણ અને ટેકાનો તેણે પૂરેપૂરો સદુપયોગ કરવો જ જોઈએ પરંતુ તેણે તેના ઉપર પરાવલંબી રહેવાને બદલે

પોતાના જ પગ ઉપર ઊભા રહેવું જોઇએ, માણસો કે સંસ્થા-ઓને બદલે પોતાના યોગક્ષેમ માટે તેણે પરમેશ્વરનો જ સહારો શોધવો જોઇએ. આ આધ્યાત્મિક વિકાસનો નિયમ છે. આનો અર્થ એટલો જ કે સાધનાના પ્રારંભકાળમાં તેને જેનો સાથ, સહકાર, ટેકો મળેલો તેનો તેણે ત્યાગ કરવો જોઇએ.

* આપણા અંતરસ્થ દિવ્યતાના સાક્ષાત્કારદ્વારા જ આપણે પરમતત્ત્વ, ભાવાતીત સત્યને પામી શકીએ. ઇષ્ટદેવતા આ દિવ્ય-તત્ત્વના વ્યક્ત પ્રકટરૂપ છે.

* જેમ જેમ આપણી ચેતના વિકસિત થતી જાય છે તેમ તેમ આપણે બધામાં તે દિવ્ય પરમાત્માના દર્શન કરતા જઇએ છીએ. આપણે વધુ આધ્યાત્મિક બનીએ છીએ.

O



# આસક્તિનો પ્રભાવ

સ્વામી સચ્ચિદાનંદ

મને કાશીમાં રહેતા રહેતા દસ અગિયાર વર્ષ થઇ ગયાં હતાં. શાંકર વેદાંતના મુખ્ય વિષય સાથે આચાર્યની પદવી પ્રાપ્ત કરી હતી. સર્વ પ્રથમ આવવાના કારણે સુવર્ણચંદ્રક મળ્યો હતો, પણ મારે એવો સુવર્ણચંદ્રક ક્યાં લગાડવો તથા કોને બતાવવો? એ ચંદ્રક લેવા હું સમારોહમાં ગયો જ નહિ. મારી ઇચ્છા હોત તો હું પી.એચ. ડી. કરી શક્યો હોત. એ સમયે ત્રણસોથી ચારસો રૂપિયા-ની શિષ્યવૃત્તિ પણ મળી શકી હોત, પણ હવે મારે ભણવું ન હતું. જેટલું ભણ્યો તે ગુરુજીની કૃપાથી ભણ્યો હતો. તેમની ઇચ્છા હતી કે હું કાશીમાં રહી વિદ્યાર્થીઓને ભણાવ્યા કરું, પણ મારી ઇચ્છા કાશી છોડીને સામાજિક–ધાર્મિક કાર્યો કરવાની હતી. મારી વાત સમજાવવા હું ગુરુજી પાસે પંજાબમાં ફિરોજપુર ગયો. હવે મને ભણવામાંથી મુક્તિ આપો તેવી પ્રાર્થના કરી જે તેમણે માન્ય કરી.

મારી ઇચ્છા હતી કે હું પ્રથમની માફક જ લક્ષ્મીનો ત્યાગ કરું. પૈસાને સ્પર્શ ન કરું. પૂ. ગુરુજી તો વિરક્ત હતા જ, મારે પણ તેમની માફક વિરક્ત થવું હતું. હવે ભણતો ન હોવાથી પૈસાની જરૂર પણ ન હતી. મેં મારી વાત ગુરુજી આગળ મૂકી. તેમણે મને સમજાવ્યો કે "હું જે નિયમ પાળું છું તે મારા માટે ઠીક છે, પણ તારે એવા નિયમ લેવાના નહિ. લક્ષ્મીનો સ્પર્શ ન કરવાથી કાંઇ ત્યાગ થઇ જતો નથી. તેમ કલ્યાણ થઇ જતું નથી. કેટલીક વાર આવા ત્યાગથી અહંકાર, મોહ તથા લાચારી વધે છે.

આવા ત્યાગ કરતાં લક્ષ્મીનો સદુપયોગ કરી દીનદુઃખીને સુખી કરવામાં લક્ષ્મીને વાપરવી તે ઉત્તમ વસ્તુ છે."

લક્ષ્મી વિષે તથા કથા પ્રવચન વિષે તેમની સાથે સારી એવી ચર્ચા થઇ. તેઓ કથા પ્રવચન કરવાના પક્ષમાં ન હતા. તેનું કારણ કથા પ્રવચન કરનારાઓના કડવા અનુભવો હતા. મારો વિચાર ધર્મપ્રચાર કરતા રહેવાનો હતો. અંતે તેમણે મને કહ્યું કે, "વ્યાસપીઠ ઉપર બેસીને કોઇનો ભય કે લોભ રાખ્યા વિના જે સત્ય હોય તે જ બોલવું. જે દિવસે લોભ કે ભય થાય તે દિવસથી પ્રવચન બંધ કરી દેવા." તેમણે બીજી પણ કેટલીક અનુભવની વાતો કહી. "સાધુઓના ટોળાં ભેગાં ના કરીશ. ઘણા સાધુઓ ભેગા મળીને ખટપટો કરતા હોય છે. શાન્તિથી રહેવું હોય તો એકલો રહેજે. કોઇ ગૃહસ્થને શિષ્યો બનાવવા નહિ.

કંઠી બાંધવી કે કાન ફૂંકવા નહિ. કોઇના પણ ગુરુ થવું નહિ. જીવનભર શિષ્યભાવમાં રહેવું. હજારો શિષ્યો કરનારા લોકોનું કલ્યાણ નથી કરી શકતા, તે માત્ર ટોળાં જ વધારતા હોય છે. સંન્યાસ-દીક્ષા પણ કોઇ સુપાત્ર અને સુયોગ્ય હોય તેને જ આપવી.

પૂજ્ય ગુરુદેવ અત્યંત વિરક્ત હતા. દિવસમાં એક વાર ભિક્ષા કરવા જતા. બે ચાર ઘરોના આંગણે ઊભા રહીને ઊભા ઊભા જ રોટલી જમતા. ત્યાં જ હાથ ધોઇને કુટિયાએ પાછા ફરતા, તેમનું જીવન અત્યંત નિર્મળ હતું. કુટિયામાં કદી પણ સ્ત્રીને આવવા દેવા-માં આવતી નહિ. માત્ર પુરુષોનો જ પ્રવેશ થતો. પુરુષો પણ સવારે કે સાંજે જ માત્ર આવી શકતા. ગુરુજી કુટિયામાં એકાકી રહેતા તથા કોઇની કાંઇ પણ આશા કર્યા વગર નિજાનંદમાં મસ્ત રહેતા.

મેં એકવીસમા વર્ષે ગૃહત્યાગ કરેલો અને ત્રેવીસમા વર્ષે



સંસ્કૃત ભણવાનું શરૂ કરેલું. લગભગ ચોત્રીસમા વર્ષે કાશીથી ભણીને ગુરુજી પાસે આવ્યો. આટલાં વર્ષો કાશીમાં તથા સાધુ સમાજમાં રહેવાથી હું ઘણું ઘણું શીખ્યો હતો. મને પ્રથમથી જ કેટલીક વાતો ગમતી નહિ, જેમ કે આડંબર, ખોટા ખર્ચા તથા પારસ્પરિક રાગદ્વેષભરી ખટપટો. એટલે આ સમાજથી દૂર રહેવા મેં નિર્ણય કર્યો. એકલા, અલિપ્ત રહેવું. આશ્રમ કુટિકા કે મઠ બાંધવો નહિ. ભ્રમણ કરતા રહેવું જે પૈસો આવે તેને તરત જ સારા કામમાં—ગરીબોના કામમાં વાપરી નાંખવો. પ્રભુભક્તિનો પ્રચાર કરવો, અંધશ્રદ્ધાને દૂર કરવા પ્રયત્ન કરવો. નાના ગામડા-ઓમાં વિચરવું. આવો નિર્ણય કરીને હું ૧૯૬૬ માં ગુજરાત આવ્યો.

મોહમાયાનું કેન્દ્ર સ્ત્રી તથા લક્ષ્મી છે તેવું તો આપણે સૌ જાણીએ જ છીએ, પણ જેને આ બેમાં કોઇ જગ્યાએ પણ મોહ ના હોય તેને પણ માયા છોડતી નથી. માયાના હજાર હાથ છે, ગમે તે એક હાથે તે જીવાત્માને પકડી જ લેતી હોય છે. મારી પાસે સંસ્કૃતના ઘણાં પુસ્તકો હતાં. કેટલાંક તો દુર્લભ હતાં. કાશીથી વિદાય થતાં આ પુસ્તકોને હું છોડી શક્યો નહિ. મોટી મોટી ચાર—પાંચ પેટીઓ ભરીને આ પુસ્તકો હું સાથે લઇ આવ્યો હતો, પણ હવે આ પુસ્તકોને રાખવા ક્યાં? કોઇ ભક્તને ત્યાં મૂક્યાં. પણ હું તો ભ્રમણમાં હોઉં, કદી તેને જોવાનો મોકો જ ન મળે. રહી રહીને થાય કે તો પછી આ પુસ્તકોનો શો ઉપયોગ? કોઇને આપી દેવાનો જીવ ન ચાલે. મારા માટે તે મોહનું કેન્દ્ર જ ગણાય. એ પુસ્તકો મને બરાબર વળગ્યાં હતાં. પેલી ચાર—ધામ યાત્રાનો કડવો અનુભવ અને તેમાંથી કુટિયા બાંધવાની ઇચ્છા થઇ હતી, હવે આ પુસ્તકોએ તે ઇચ્છાને વધુ પ્રબળ બનાવી. મને

થતું કે જો પોતાની કુટિયા હોય તો આ પુસ્તકોને સારી રીતે રાખી શકાય તથા અવારનવાર તેનો ઉપયોગ પણ કરી શકાય. આશ્રમ નહિ બાંધવાના વિચારોની સામે આ બે કારણોએ મને ઢીલો બનાવ્યો હતો.

સ્થાયી રહેનારાઓને અનેક પ્રશ્નો સામે લડવું પડતું હોય છે. રાગદ્વેષ થવાનો સંભવ ખરો, સ્થાયી સંપર્કોથી મોહમાયાની શક્યતા પણ ખરી, ધીરે ધીરે વહીવટી કામ વધે એટલે ભજન પૂજનમાં પણ વાંધો આવે, ખટપટો થાય. ઘણા બધા પ્રશ્નો ઊભા થાય. પરંતુ ભ્રમણ કરતા રહેવાથી કોઇ પ્રશ્ન જ ન રહે. 'સાધુ તો ચલતા ભલા' એ સમજીને જ કહ્યું હશે. હું આશ્રમ બાંધવાના પક્ષમાં ન હતો. છતાં ઉપરનાં બે કારણો મને ઢીલો બનાવતાં હતાં. કાશી છોડયું ત્યારે મારી નજર સુરપુરા ઉપર હતી. મારી પાસે બચેલા એક હજાર રૂપિયા મેં સુરપુરાના ભાઇઓને આપ્યા અને મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરીને એક રૂમ બનાવવા તથા તેમાં આ પુસ્તકો રાખવા કહ્યું. અવાર–નવાર હું એ રૂમમાં ઉતરતો રહીશ તેવું સૂચવ્યું પણ ગામલોકોએ છએક મહિના પૈસા રાખીને અંતે મને પાછા આપી ગયા, બાકીના બાર હજાર ગામમાંથી થઇ શક્યા નહિ.

(સૌરાષ્ટ્ર સમાચારના સૌજન્યથી)



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'વિચિત્ર તો છે જ છતાં પણ સાચું છે, મહારાજ! વાનરોનું બળ ધાર્યા કરતાં ઘણું મોટું છે. અમે એમની માહિતી મેળવવા માટે કોઇને ગંધ પણ ના આવે એવા ગુપ્તવેશમાં જઇ પહોંચ્યા તોપણ એમણે અમને એ પકડી પાડયા ને માર્યા પણ ખરા. વિભીષણ જો વચ્ચે ન પડયા હોત તો એ અમને મારી જ નાંખત. એમની દરમિયાનગીરીથી જ એમણે અમને છોડી દીધા. લંકાને બાળનાર હનુમાન જેવા બળવાન યોદ્ધાઓ એમની સેનામાં બીજા કેટલાય છે, અને કેટલાક તો એમના કરતાં પણ વધારે પરાક્રમી છે.'

'વધારે પરાક્રમી?'

'હા. એવા વિશેષ પરાક્રમને લીધે જ એ વૃક્ષો, પત્થરો ને શિલાઓની મદદથી સેતુનું નિર્માણ કરી શક્યા છે.'

'સેતુની રચનાના સમાચાર ભારે દુઃખદ તેમ જ ચિંતાજનક છે. મને પહેલેથી આવી ખબર હોત તો હું રામને પંચવટીમાં જ યમસદનમાં પહોંચાડી દેત. એટલે કોઇ સમસ્યા જ ન રહેત. છતાં પણ હરકત નહિ. હજુ બાજી મારા હાથમાં છે એટલે ચિંતા કરવાનું કોઇ કારણ નથી. રામ તથા સુગ્રીવની સેનાની સ્થિતિ અત્યારે કેવી છે?'

'એની સ્થિતિ એકંદરે ઘણી સારી છે. સમુદ્ર પર સેતુની રચના થવાથી આખીય વાનરસેના અત્યંત ઉમંગમાં આવીને

વિજયની આશામાં નાચે છે, ગાય છે, ને જય જયકાર કરે છે. સેતુ પરથી પસાર થઇને એ લંકામાં આવવાની તૈયારીમાં છે.'

રાવણનો ઉત્સાહ ઓસરી ગયો.

એના વદન પર વિષાદ ફરી વળ્યો.

એના મુખ પર દૃષ્ટિપાત કરનારને સ્પષ્ટ લાગવા માંડયું કે, એના મનમાં ચિંતા પેદા થઇ છે.

છતાં પણ એણે મુખને બને તેટલું હસતું રાખવાનો પ્રયાસ કર્યો અને કહ્યું : 'વાનરસેના થોડીવારને માટે ભલે નાચે, ગાય, ને જય જયકાર કરી લે. છેવટે એનો નાશ નક્કી છે. એ બળવાન છે તો આપણે કાંઇ ઓછા બળવાન છીએ? આપણા બળ આગળ એનું બળ નિષ્ફળ નિવડશે.'

સભાને બરખાસ્ત કરીને રાવણ મંદોદરી પાસે આવ્યો.

મંદોદરીએ એના ઉદાસ મુખ પરથી કોઇક અમંગલનું અનુમાન કરીને પૂછ્યું : 'કાયમને માટે ઉલ્લાસમાં રહેનારું તમારું મુખ આજે ચિંતાતુર અને ઉદાસ કેમ છે?'

રાવણે હસી કાઢીને કહ્યું : 'હું શા માટે ઉદાસ બનું? અને ચિંતા પણ મારે શેની છે?'

'તોપણ...? મારાથી કાંઇ છૂપાવવા જેવું તો નથીને?'

'તારાથી મેં કદી કશું છૂપાવ્યું છે? રામ તથા સુગ્રીવે સમુદ્ર પર સેતુ બાંધી દીધો એવા વિશ્વસ્ત સમાચાર સાંપડયા છે.'

'સેતુ બાંધી દીધો?' મંદોદરીના મુખ મંડળ પર પ્રસન્નતા ફરી વળી : 'એ હકીકત તો અતિશય અસાધારણ કહેવાય. સીતા એ સમાચાર જાણે તો એને કેટલો બધો આનંદ થાય? પણ તમે હવે શો વિચાર કર્યો?'



'મારે એમાં શો વિચાર કરવાનો છે?'

'કેમ? કશો જ નહિ? સમુદ્ર પર સેતુનું નિર્માણ થયું એટલે રામ તથા સુગ્રીવને માટે સેના સહિત સમુદ્રને પાર કરવાનું સહેલું થયું.'

'એથી શું? એથી ભયભીત થવાની જરૂર જરા ય નથી. સેતુ પરથી પસાર થઇને આ બાજુ આવવાથી શું વળવાનું છે? આપણી સાથેના યુદ્ધમાં એમનો સંહાર થશે. આપણી સેના એમની સેના કરતાં ઘણી જ ચઢિયાતી છે.'

મંદોદરી બોલી : 'તમે એવું મિથ્યાભિમાન ન કરો. એ અભિમાન તમને ભારે પડી જશે. હજુ રામનું શરણ લો. જેમણે આટલા મોટા સાગર પર સેતુ બાંધ્યો એમની શક્તિ શું થોડી હશે અથવા એ કોઇ સામાન્ય માનવ હશે?'

રાવણ બોલ્યો : 'એ ગમે તેવા હશે પરંતુ મારા જેવા તો નહિ જ હોય. મારી બરાબરી ત્રિભુવનમાં કોઇ જ નથી કરી શકે તેમ.'

'મને તો લાગે છે કે, સાગર પર બંધાયેલો સેતુ સીતા તેમ જ રામનાં વિરહમાં ડુબેલાં દિલને એક કરનારો સફળતાનો સેતુ થઇ પડશે એને તમે તમારા જીવન પરિવર્તનનો અને રામની સાથેના સ્નેહનો સેતુ કહી શકો છો. યુદ્ધના વિનાશમાંથી બચવાનું ને બીજાને બચાવવાનું હજુ તમારા હાથમાં છે. તમે જરાક તો વિચાર કરી જુઓ.'

'મેં પૂરતો વિચાર કરી લીધો છે. સેતુના સમાચારથી તું ડરી ગઇ છે પરંતુ હું એવી રીતે ડરું તો રાજ્ય કરી જ ન શકું, સમજી? વાનરસેના સેતુ પર થઇને આ બાજુ આવી પહોંચે તે પહેલાં જ એના સર્વનાશનો ઉપાય શોધી કાઢું છું.'

'મને અફસોસ થાય છે કે તમે યુદ્ધનાં નગારાં વાગતાં–વાગતાં પાસે આવ્યાં છે તોપણ મારા હિતની વાતને નથી સમજી શકતા. કાલે ઊઠીને કોઇ ભયંકર આફત આવી પડે તો મને દોષ ન દેતા.'

'ભલે. તું નચિંત રહે અને આનંદ કર.' કહીને રાવણ બહાર નીકળ્યો.

### મમતાની મહાદેવી

બહાર નીકળીને રાવણે પોતાના પરિચારકોને આદેશ આપીને પોતાના ભાઇ કુંભકર્ણને ઘોર નિદ્રામાંથી જગાડવાનો પ્રયાસ કર્યો.

લાંબા વખતથી નિદ્રાધીન બનેલો કુંભકર્ણ એમ સહેલાઇથી જાગે તેમ ન હતું.

કેટલીય યુક્તિપ્રયુક્તિ તથા મહેનત પછી આખરે એણે આંખ ઊઘાડી ત્યારે રાવણને અસાધારણ આનંદ થયો.

એની પ્રસન્નતા માટે ભાતભાતનાં ભોજનના થાળ તથા મદિરાના અસંખ્ય ઘડા મૂકવામાં આવ્યા.

કાચી ઊંઘમાંથી ઊઠેલો કુંભકર્ણ એમને આનંદપૂર્વક આરોગી ગયો અને મદિરાપાનથી પ્રમત્ત બનીને બોલ્યો : 'મને શા માટે જગાડયો? મને કાચી ઊંઘમાંથી ઊઠાડનારને મારા રોષના ભાગી થવું પડે છે તેની ખબર નથી શું? લંકા પર કોઇ આફત આવી પડી છે? કે તારો પોતાનો જાન જોખમમાં છે? તને મારે એવું તો પૃથ્વી પર કોઇ જ નથી એટલે એવો સંભવ તો નથી લાગતો. તો પછી મને જગાડવાનું કારણ શું? કોઇક મહત્ત્વના રાજ્ય સંબંધી કાર્યમાં મારી સલાહ લેવાની આવશ્યકતા તો નથી ઊભી થઇ?'

(ક્રમશઃ)

## * ભક્તની સંભાળ પ્રભુ રાખે જ. *

ભક્તની સંભાળ પ્રભુ જરૂર રાખે છે. ને ના રાખે તો તે પ્રભુ કહેવાય નહિ તે સાચું છે. આજ સુધી એ વાતનો અનુભવ અનેકે કરી જોયો છે. એટલે એ સંબંધી કોઇ પણ પ્રકારની શંકા સેવવાનું કોઇ કારણ નથી. જે પ્રભુને સમરે છે ને ભજે છે તેનું બધી રીતે ધ્યાન રાખવાની પ્રભુની ફરજ છે. કેમ કે તેમની તેવી પ્રતિજ્ઞા છે. અથવા વધારે સારા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે એમનો એવો સ્વભાવ છે. ભક્ત જેમ ભગવાનને ભજ્યાવિના રહી શકતો નથી. તેમ ભગવાન પણ ભક્તની સંભાળ રાખે છે. પ્રેમ અથવા આકર્ષણ ને ધ્યાન એ રીતે સાથે સાથે જ થયા કરે છે. ભક્તના પ્રેમ કરતાં ભગવાન-નો પ્રેમ અનેકગણો વધારે છે, તેથી ભક્તને માટે તે પ્રેમ અનંત બનીને વહ્યા કરે છે, ને ભક્તને પરમ સુખ, શાંતિ તથા પ્રસન્નતાથી ભરી દે છે.

સુખ શબ્દ કેટલાકને નથી ગમતો. કેમ કે સુખ તરફ તે સૂગ ધરાવે છે. તેમને મન જગત છેક દુઃખમય છે. ને દુઃખ વિના તેમાં કાંઇ હાથ નથી લાગતું. 'બધું દુઃખમય છે' એમ માનીને બેસી રહેવું ને જીવનને વધારે ને વધારે દુઃખદ કરવું એ પદ્ધતિ બરાબર નથી.

યોગેશ્વરજી

o

## * જીવનમાં અકર્મણ્યતા ના આવે તો જુઓ *

આના પરથી કોઈએ એમ નથી સમજવાનું કે કથા ને કીર્તન જરૂરી નથી. તેની જરૂર છે જ. પોતાને તેમ જ બીજાને તેનાથી ઘણી મોટી મદદ મળે કે લાભ થાય છે. લોકોનું ધ્યાન તેના તરફ વધારે ને વધારે પ્રમાણમાં ખેંચાતું જાય છે તે પણ રાજી થવા જેવું છે. પરંતુ એટલામાં જ સંપૂર્ણ ભક્તિ સમાઈ જાય છે. એમ માનીને જીવનભર બેસી રહેવું બરાબર નથી એ જ આપણે કહી રહ્યા છીએ. પૂજા ને સેવાની બધી પદ્ધતિ તેમ જ જ્ઞાન ને યોગનાં વિવિધ સાધન ઈશ્વરને ઓળખવા માટે તથા જીવનને વધારે ને વધારે શુદ્ધ સંયમી, સાત્ત્વિક તેમ જ ઈશ્વરમય બનાવવા માટે જ છે એ જ આપણે કહી રહ્યા છીએ. તે યાદ રાખવાની જરૂર છે. એ યાદ રાખવાથી જીવનમાં શું કરવાનું છે તેનું સદાય ધ્યાન રહેશે. પોતાનો પ્રવાસ કેટલો થયો ને કેટલો બાકી છે તેનો પણ ખ્યાલ રહેશે. ખોટો સંતોષ; વિકાસનું ખોટું સમાધાન અથવા કહો કે માનસિક જડતા દૂર થશે, તથા અકર્મણ્યતા તેમ જ આગળ સાધન ના કરવાની વૃત્તિનો પણ અંત આવશે.

એવી જડતા સ્થિતિસ્થાપકતા કે અકર્મણ્યતાને સ્ત્યાન પણ કહે છે. સાધનામાં એ પણ વિઘ્ન છે. એવી જડતા તમારા જીવનમાં જામી ગઈ છે? પ્રગતિના પ્રકાશમય પંથને ભૂલી જઈને તમે પણ શું કોઈ કારણે અધવચ્ચે જ અટકી ગયા છો ને તમારે હાથે જ તમારી પ્રગતિનાં બારણાં બંધ કરીને બેસી રહ્યા છો?

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.